Chapter. 1

# પ્રકરણ : ૧

## ભૂમિકા

૧.૧ વૈદિકકાળની સમાજવ્યવસ્થા

૧.૨ શૂદ્રોની સ્થિતિ

૧.3 સંતો અને સુધારકોનું પ્રદાન

૧.૪ શૂદ્રો વિશેનાં બદલાતાં જતાં પરિમાણો

# પ્રકરણ : ૧. ભૂમિકા

આપણે જાણીએ છીએ કે મનુષ્ય સમાજ આદિકાળમાં જ્ઞાતિ-વર્ણબધ્ધ હતો નહીં. વર્ણાશ્રમપ્રથા ઈતિહાસના એક ચોક્કસ તબક્કે જન્મેલી વ્યવસ્થા છે. જે વ્યવસ્થાએ કબીલાઓને બાંધવા માટે નિયમો બનાવ્યા પરંતુ આ નિયમોને વશ ચોક્કસ સમૂહને ઘોર અન્યાય પણ થયો. જેમકે 'પુરુષસૂક્ત'માં વિરાટ પુરુષનું જે કલ્પન છે તેમાં વિરાટપુરુષના મુખમાંથી બ્રાહ્મણોને, છાતીમાંથી ક્ષત્રિયોને, હાથમાંથી વૈશ્યોને અને પગમાંથી દલિતોને નિપજ્યાનું કહેવામાં આવ્યું. આ સાહિત્યિક કલ્પના જાણે કે સાચી જ હોય તેમ દલિતોને યુગો સુધી પદદલિત રાખવામાં આવ્યા. સાચા ધાર્મિક સંતોને આ વ્યવસ્થા સામે રોષ પણ હતો જે આપણે બસવેશ્વર, કબીર, રૈદાસ કે નરસિંહ મહેતાના જીવન પ્રસંગોમાં જોઈએ છીએ.

ભારતીય સાહિત્યનો પ્રથમ તબક્કો વેદકાલીન સાહિત્યથી માંડી દસમી સદી સુધીનું સાહિત્ય અને બીજો તબક્કો બસવેશ્વરથી શરૂ થઈને કબીર અને રૈદાસથી મીરાં, અખા સુધી પહોંચે છે. આ સંત પરંપરાએ શૂદ્રોને સહાનુભૂતિપૂર્વક જોયા અને બ્રાહ્મણ પ્રથાનો આકરો વિરોધ પણ કર્યો હતો.

આ બેઉ તબક્કામાં મળતા સાહિત્યના આધારે તે-તે સમયની સમાજવ્યવસ્થા, તેમાં શૂદ્રોની સ્થિતિ, એ સ્થિતિનાં બદલાતાં જતાં પરિમાણો, એ માટે ભૂમિકા નિભાવનારા સંતો અને સુધારકોનું પ્રદાન આ બધા મુદ્દાઓ વિગતવાર અભ્યાસ કરવાનો મારો ઉપક્રમ રહ્યો છે.

પ્રથમ વૈદિકકાળની સમાજવ્યવસ્થા તપાસીએ.

## ૧.૧ : વૈદિકકાળની સમાજવ્યવસ્થા

સિંધુ નદીની આસપાસના પ્રદેશમાં વૈદિક સંસ્કૃતિ પહેલાં એક સંસ્કૃતિ વિકસી હતી તેને હડપ્પા સંસ્કૃતિ કહે છે. સિંધુ સંસ્કૃતિ એ આર્ય પૂર્વના લોકોએ સર્જેલી સંપત્તિ છે. સિંધુ સંસ્કૃતિની લિપિ અવાચ્ય હોવાને પરિણામે તે સમયનો સમાજ, ધર્મ, રાજનીતિ વગેરેને જાણવી મુશ્કેલ છે. ઈતિહાસ પર દષ્ટિ કરતાં જાણવા મળે છે કે સિંધુ સંસ્કૃતિનો યુગ અને સમાજ વર્ણ અથવા વર્ગમાં વિભાજિત ન હતો પણ જુદા-જુદા પરિવારોમાં વિભાજિત હતો. મુખ્યત્વે સમાજ ચાર ખંડમાં વહેંચાયેલો હતો. ૧. વિદ્વાન ૨. યોદ્ધા ૩. વ્યાપારી અને ૪. શ્રમજીવી. તે સમયનો સમાજ માતૃપ્રધાન (Matriarcal Society) અને માતૃવંશીય હતો. માતૃશક્તિને દેવી માનવામાં આવતી હતી.

વૈદિકકાલના પ્રારંભમાં આર્ય અને અનાર્ય બે જ વર્ગ હતા. સિંધુઘાટીના અનાર્ય લોકો સભ્ય અને શાન્તિપ્રિય હતા. આર્યોએ અનાર્યો પર આક્રમણ કર્યું અને વિજયી આર્યોએ અનાર્યોને દાસ બનાવી દીધા. આ બે જાતિઓ વચ્ચે મુખ્ય વિરોધ એ હતો કે દાસો આર્યોના દેવોમાં માનતા નહીં. કનૈયાલાલ મુનશી લખે છે કે ''સમાજવ્યવસ્થા જે રંગભેદ, જાતિભેદ અને વિધિભેદ પર રચાઈ હતી તે

બદલી નાખી અને સંસ્કારભેદ પર અવલંબેલી વ્યવસ્થા દાખલ કરી. દાસોની અનેક જાતિઓને તેમણે પોતાના સમાજમાં સ્વીકારી; દરેક જાતિને તેના સંસ્કાર પ્રમાણે ચડતું કે ઉતરતું સ્થાન આપ્યું; અને જે સમૂહના સંસ્કાર આર્યત્વની દષ્ટિએ શ્રેષ્ઠ હતા તેને સર્વોપરી સ્થાન આપ્યું. આમ જે વર્ણ કે રંગ વ્યવસ્થા હતી તે ચાતુર્વર્ણ્યની વ્યવસ્થામાં પલટાઈ ગઈ. આર્ય ને અનાર્યના ભેદને બદલે સંસ્કારભિન્નતાથી દ્વિજ અને શૂદ્ર એવા ભેદ પડ્યા. આ ક્રિયા કેમ થઈ તેનો ઈતિહાસ, દાશરાજ્ઞના વિગ્રહને ઉદ્દેશીને વસિષ્ઠોને વિશ્વામિત્રોએ રચેલાં સૂક્તો પૂરાં પાડે છે. ''[1] દાશરાજ્ઞના વિગ્રહનું મૂળ વસિષ્ઠ અને વિશ્વામિત્ર વચ્ચેનું વેરભાવ હતું. એવું કહેવામાં આવે છે કે વસિષ્ઠના શિષ્યો ચુસ્ત બ્રાહ્મણ સંપ્રદાયના આગ્રહી હતા અને વિશ્વામિત્રના શિષ્યો અને સંતાનો ઔદાર્ય અને પ્રગતિ, સમાધાન અને સમિશ્રણની પદ્ધતિના પ્રતિનિધિ બન્યાં. વિશ્વામિત્રે દસ્યુઓને પોતાના પુત્રો તરીકે સ્વીકાર્યા એ વાત શુનઃશેપની કથામાંથી મળે છે. આ સમયમાં પણ દાસને અપવિત્ર ગણવામાં આવતા નહોતા. દાશરાજ્ઞ ના થોડો સમય પછી ચાતુર્વર્ણ્યની કલ્પના અસ્તિત્વમાં આવી, તેનો પહેલો ઉલ્લેખ ઋગ્વેદના પુરુષસૂક્તમાં જોવા મળે છે. 'શૂદ્ર' શબ્દનો પહેલીવાર ઉલ્લેખ પણ આ સૂક્તમાં જોવા મળે છે.

''ब्राह्मणोस्य मुखमासीद् बाहू राजन्यः कृतः ।
अरु तदस्य यद् वैश्यः पदा शूद्रां अजायत ॥''[2]

આ શ્લોક પરથી સ્પષ્ટ થશે કે પહેલાં બે વિરોધી પ્રજા હતીઃ આર્ય અને દાસ, પછી દાસોને નવી સમાજવ્યવસ્થામાં સ્વીકારવામાં આવ્યા અને એ દાસોમાં જે આર્યસંસ્કાર ન ઝીલી શક્યા તેમને શૂદ્રો લેખવામાં આવ્યા. આરંભે જે રંગભેદ અને જાતિભેદ હતો તે વિસરાઈ ગયો અને નવી વર્ણવ્યવસ્થા અસ્તિત્વમાં આવી. આ વર્ણવ્યવસ્થા મુજબ બ્રાહ્મણોને છ કાર્યો કરવાનાં હતા– ભણવું, ભણાવવું, યજ્ઞ કરવો, યજ્ઞ કરાવવો, દાન દેવું અને દાન લેવું. ક્ષત્રિયોને ભણવું, દાન દેવું, યજ્ઞ કરવો, વૈશ્યોનું મુખ્ય કાર્ય વ્યાપાર કરવાનું હતું અને શૂદ્રોને બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોની સેવા કરવાનું કામ હતું. આ સમયે આ ચાર વર્ણોનું વિભાજન ગુણ–કર્મ અનુસાર કરવામાં આવ્યું હતું ને કોઈ કાર્ય તુચ્છ, અપવિત્ર કે હીન માનવામાં આવતું નહોતું. આરંભમાં વ્યવસાયની સ્વતંત્રતા હતી. શૂદ્ર એ દાસોની એક જાતિનું નામ હતું એવું ઘણા અભ્યાસીઓ માને છે. આર્યવિધિ ને સંસ્કારથી જે વિમુખ હતા તેને શૂદ્ર તરીકે ઓળખાવવામાં આવે છે. મધ્યકાલીન યુરોપમાં 'serfs' ની જેમ શૂદ્રો પણ સેવાનું કામ કરતાં હતા પણ તેને અસ્પૃશ્ય કે અપવિત્ર માનવામાં આવતા નહોતા. એ સમયે આર્યો અને શૂદ્રો વચ્ચેનો સામાજિક વ્યવહાર કેવો હતો તે જોઈએ. મૈત્રાયણી સંહિતામાં ''શૂદ્રો પૈસાવાળા હતા. ધનવાન શૂદ્રની ગાયોના ટોળામાંથી યજ્ઞને માટે હુષ્ટપુષ્ટ વાછરડો લેવાનું લખ્યું છે.''[3] કેટલાક રાજાઓ શૂદ્રોને પ્રધાન પદ આપતા અને યજ્ઞ વખતે પણ તેમને સાથે રાખતા એવા ઉલ્લેખો મળે છે. જેમકે શતપથ બ્રાહ્મણના કર્તાને આ વસ્તુ અયોગ્ય લાગી હતી એ વાત ખરી પણ શૂદ્ર પ્રધાન થતો અને યજ્ઞમાં ભાગ લેતો એ વાત ચોક્કસ. શતપથ બ્રાહ્મણકાર કહે છે.

૧. આદિવચનો અને બીજા વ્યાખ્યાનો, કનૈયાલાલ મુનશી, ભારતીય વિદ્યા ભવન, મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ૧૯૪૩, પૃ.૩૧
૨. ઋગ્વેદ- ૧૦-૯૦-૧૨
૩. મૈત્રાયણી સંહિતા-૪-૨-૭

"એક વખત સ્વર્ભાનું અસુરે સૂર્યને અંધારો કરી મૂક્યો. અંધારો થવાથી તે પ્રકાશી ન શક્યો. સોમે અને રુદ્રે એનો અંધકાર નિવાર્યો અને પાપથી છૂટો થઈ તે આજે તપે છે. તે જ પ્રમાણે જે રાજા યજ્ઞને માટે નાલાયક એવાને યજ્ઞનો સ્પર્શ કરાવે છે તે અંધકારમાં પ્રવેશે છે. શૂદ્ર અને બીજા જે યજ્ઞને માટે નાલાયક છે તેને તે યજ્ઞમાં બેસાડે છે. તેનો અંધકાર સોમ અને રુદ્ર કાઢી નાખે છે. પાપથી છૂટો થઈ તે દીક્ષા પામે છે."[૪]

સત્યકામ જાબાલની કથા પણ ખૂબ જ જાણીતી છે. "તેણે હારિદ્રુમત ગૌતમ પાસે જઈને કહ્યું: "મારી ઈચ્છા તમારી પાસે શિષ્ય થઈ બ્રહ્મવિદ્યા શીખવાની છે. મને તમારી પાસે આવવા દો" અને તેમણે કહ્યું: "હે પ્રિય વત્સ, તું કયા ગોત્રનો છે?" તેણે ઉત્તર આપ્યો: "ભગવાન! હું કયા ગોત્રનો છું એ હું જાણતો નથી. મેં મારી માને પૂછયું, ત્યારે તેણે જવાબ આપ્યો કે હું મારી જુવાનીમાં ઘણું ભટકી હતી, ઘણાઓને ખુશ કરતી અને તને મેં જન્મ આપ્યો. મને ખબર નથી કે તારું ગોત્ર કયું છે પણ મારું નામ જબાલ છે અને તારું સત્યકામ છે. તેથી, હે ભગવાન! હું સત્યકામ જાબાલ છું." તેણે (ઋષિએ) કહ્યું : "અબ્રાહ્મણ હોય તો આવું કહે નહીં. મારા વત્સ ! તું સમિધ લાવ, હું તને યજ્ઞોપવીત પહેરાવીશ. તે સત્યને છોડ્યું નથી."[૫] એ સમયે ત્રણે દ્વિજ એટલે કે, બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય વર્ણ અને શૂદ્રો વચ્ચે સ્ત્રી પુરુષોના સંબંધ નૈતિક અને અનૈતિક હતા તેવા ઉલ્લેખો પણ મળે છે. દા.ત. કવષ ઐલષની કથા પણ આ સંદર્ભે જોઈ શકાય. ઐતરેય આરણ્યક અને ઉપનિષદનો કર્તા મહીદાસ ઐતરેય ઈતરા નામની શૂદ્રા માતાનો પુત્ર હતો એવું સાયણ નોંધે છે. ઘણા ઋષિઓ શૂદ્રાઓ જોડે પરણતા અને તેમના પુત્રો ઋષિપદ પામતા. ઉપનિષદોમાં પણ જન્મને બદલે કર્મને વિશેષ મહત્ત્વ આપવામાં આવતું હતું. જગજીવન રામ નોંધે છે કે "वज्र सूची उपनिषद में उच्च कोटिके कडे ऋषियो का वर्णन आता है। जैसे श्रंगी ऋषि, कौशिक, गौतम, वाल्मीकि व्यास, पराशर, वशिष्ठ, विश्वामित्र, अगस्त्य, माण्डव्य, मातंग, भरद्राज और नारद जो ब्राह्मण नहीं थे परन्तु उन्हे अपने गुणो और कर्म के कारण ब्राह्मण माना जाता था।"[૬] કનૈયાલાલ મુનશીના દર્શાવ્યા પ્રમાણે "આખા વૈદિક સાહિત્યમાં જમવાનો કે સ્પર્શવાનો બાધ કોઈ પણ જાતિ વિશે હોય એમ જણાતું નથી. એક જ વખત જમવાનો પ્રશ્ન આવે છે. વેદવિદ્યા નહીં જાણનારા જોડે વાદવિવાદ ન કરવો, જમવું નહીં અને ગમ્મતે કરવી નહીં."[૭] (ऐतरेय आरण्यक–५-३-३) પાછળથી થયેલી સ્મૃતિઓમાં ચાંડાલને સૌથી પતિત ગણવામાં આવ્યાં છે. ઋગ્વેદના સમયમાં અથવા મંત્રોમાં ચાંડાલનું નામ કે નિશાન નથી. ચાંડાલનો પહેલો ઉલ્લેખ વાજસનેયીસંહિતામાં છે. પુરુષમેધના વર્ણનમાં જુદી-જુદી જાતના માણસોનો બલિ આપવાનો હોય ત્યારે કયા દેવને કઈ જાતિનો બલિ આપવો એ દર્શાવ્યું છે.

"બ્રહ્મને બ્રાહ્મણનો બલિ આપવો, ક્ષત્રને રાજન્યનો બલિ આપવો, મરુત્‌ને વૈશ્યનો બલિ આપવો, તપસને શૂદ્રનો બલિ આપવો, નૃત્તને સૂતનો બલિ આપવો, ગીતને શૈલૂષ-નટનો બલિ આપવો, ધર્મને સભાચર- સભાઓમાં જનારાંઓનો બલિ આપવો, નર્મને રેભનો- બહુ વાચાળ હોય

૪. શતપથ બ્રાહ્મણ -૫-૩-૨-૨
૫. છાંદોગ્ય ઉપનિષદ-૪-૪
૬. भारत में जातिवाद और हरिजन समस्या,जगजीवन राम, राजपाल- दिल्ली, प्रथम आवृति–1996, पृ.95
૭. આદિવચનો અને બીજા વ્યાખ્યાનો, કનૈયાલા મ.મુનશી પૃ.૪૬,૪૭

તેવો બલિ આપવો. આમ, લાંબી યાદીમાં આપ્યું છે કે અગ્નિને જાડા માણસનો બલિ આપવો.... અને વાયુને ચાંડાલનો બલિ આપવો અને ધ્રુને બોડકા માથાવાળાનો બલિ આપવો.''[૮] કનૈયાલાલ મુનશી કહે છે કે, ''આ યાદી પરથી એમ જરાય સિદ્ધ થતું નથી કે ચાંડાલ જાતિ અસ્પૃશ્ય હતી. જો એ યાદી કાંઈ પણ બતાવતી હોય તો એ કે અગિયારમાં યૂપ પર જાડા અને બોડકા માણસો સાથે ચાંડાલને બાંધવામાં આવતોં કે જેથી યજ્ઞની ક્રિયા સફળ થાય.''[૯] ઋગ્વેદકાલના સાહિત્ય પરથી જાણવા મળે છે કે ઘણા શૂદ્રો પૈસા ને સત્તાવાળા હતા. ઘણા ગૃહપતિ હતા, રાજા પણ હતા, દ્વિજ અને શૂદ્રનાં લગ્ન શિષ્ટાચારીને રુચતાં નહોતાં પણ તે પ્રતિષિદ્ધ નહોતાં. શૂદ્રો રાજ્યમંત્રી થઈ યજ્ઞમાં પણ આવતા ભલે શિષ્ટાચારીઓ મોઢું બગાડે. શૂદ્રો પૂજ્ય એવું ઋષિપદ પણ પ્રાપ્ત કરી શકતા. આ સમયમાં આર્યસંસ્કૃતિના પ્રાતઃકાલમાં શૂદ્રોને-ચાંડાલોને પણ અસ્પૃશ્ય નહોતા ગણવામાં આવતા. ધર્મક્રિયા કે ધર્મસ્થાનથી તેમને અળગા રાખવામાં નહોતા આવતા અને અદર્શનીયતા, જે આજે હિન્દુ સમાજને કલંકિત કરે છે તેનું નામ કે નિશાન નહોતું.[૧૦] Muir પણ નોંધે છે કે ''ઋગ્વેદકાલમાં જાતિપ્રથા નહોતી.''[૧૧] કે દામોદરન લખે છે કે- ''भारतीय समाज की प्रारंभिक अवस्थामें नतो वर्ग विभाजन था नहीं राज्य का अस्तित्व था। उस काल के साहित्य से भी इसकी पृष्टि हो जाती है। उदाहरण के लिए–

नवैराज्यम् न राजासीन्म च दंडो न दडिनाः ।
धर्मवैव प्रजा सर्वां रक्षन्तिस्म परस्परम्।।''[१२]

આરંભકાળમાં વ્યવસાયમાં સંપૂર્ણ સત્તા હતી. કિશોર કૃણાલ નોંધે છે કે, ''ऋग्वैदिक समाज में जन्मना वर्ण–व्यवस्था नहीं थी। ऋग्वेद के एक मंत्र में ऋषि शिशु अंगिरस कहते है कि में स्तुति रचयिता हुं, मेरे पिता वैध है और मेरी माता चक्कियो में आटा पीसने का काम करती है।''[૧૩] તો ડૉ. રાજકિશોર સિંહ પણ જણાવે છે કે, ''वैदिक काल में समाज का जो वर्गीकरण किया गया था, उसे वर्णव्यवस्था न कह कर वर्ग व्यवस्था कहना अधिक समीचीन होगा; क्योकि वह तो मात्र एक वर्गीकरण ही था, किन्तु यह सच है कि इसी वर्गीकरण में भावी वर्ण व्यवस्था का मूल निहित था।''[૧૪]

પુરાણોમાં પણ ગુણ અને કર્મના સિંદ્ધાતને સમર્થન આપવામાં આવ્યું છે. ભવિષ્યપુરાણમાં કહેવામાં આવ્યું છે કે, ''જાતિ કે વર્ણના આધારે કોઈ અંતર નથી, શૂદ્ર અને બ્રાહ્મણ બંને યજ્ઞ કરી શકે છે એવું કહેવામાં આવ્યું છે. આધ્યાત્મિક ઉપલબ્ધિઓ અને ધાર્મિક કર્મકાંડોમાં શૂદ્રોને પણ દ્વિજો જેવા જ અધિકાર અને સામાજિક વિશેષાધિકાર પ્રાપ્ત હતા.''[૧૫] પશ્ચિમના અભ્યાસી બૈનર્ફે, મ્યોર, જિમર, સિનાર્ટ વગેરેએ ઋગ્વૈદિકકાલમાં વર્ણવ્યવસ્થાનો અસ્વીકાર કર્યો છે. તો કર્ન,

૮. વાજસનેયીસંહિતા, ૩૦-૩૧ અને તૈતિરીય બ્રાહ્મણ, ૩-૪-૧૭.૧
૯. આદિવચનો અને બીજા વ્યાખ્યાનો, કનૈયાલાલ મુનશી, પૃ.૪૮
૧૦. એજન, પૃ.૫૩
૧૧. भारतीय संस्कृति, डॉ. राजकिशोरसिंह, प्रथम संस्करण,1975, विनोद पुस्तक मन्दिर, पृ.26
૧૨. भारतीय चिन्तन परम्परा, के. दामोदरन्, पृ.36
૧૩. दलित देवोभव, किशोर कृणाल, प्रथम भाग, प्रकाशन विभाग, सूचना और प्रसारण मंत्रालय भारत सरकार, प्र.आ.2005, पृ.63
૧૪. भारतीय संस्कृति, डॉ. राजकिशोरसिंह, प्रथम आवृति,1975, विनोद पुस्तक मंदिर, आगरा, पृ.27
૧૫. भारत में जातिवाद और हरिजन समस्या, जगजीवन राम, प्रथम आवृति, 1996, राजपाल प्रकाशन, दिल्ली, पृ.95,96

લુડવિગ અને ઓલ્ડન વર્ગેએ ઋગ્વેદકાલમાં વર્ણવ્યવસ્થા હતી એવું જણાવ્યું છે. ખરેખર તો ચાર વર્ગોની પાછળ જે મૂળ સિદ્ધાત છે તેનો ઈતિહાસ લાંબો અને જટિલ છે. વર્ણવ્યવસ્થા અંગે વિદ્વાનો, અભ્યાસીઓમાં પણ મતભેદ છે. આરંભકાળમાં આર્યોના સમાજની અંદર વ્યવસાય-વ્યવસ્થાના ભાગરૂપ સગવડ અને પરસ્પર સહકાર માટે વર્ણોનો આંતરિક ઉદ્દ્ય થયો હતો. ચાર વર્ગોનો કામની સુવ્યવસ્થિત વહેંચણી માટે, સમાજ સુવ્યવસ્થિત બને તે હેતુથી વિભાજન કરેલું. વર્ણવ્યવસ્થાનો હેતુ ભારતીય સમાજને એક તાંતણે ગૂંથવાનો હતો પણ જેમ-જેમ બ્રાહ્મણકાલ લુપ્ત થઈ સૂત્રકાલ આવવા માંડ્યો તેમ તેમ ધાર્મિક વૃત્તિ સંકુચિત થતી ગઈ અને શૂદ્રોને ધર્મક્રિયામાંથી દૂર રાખવાના પ્રયત્ન થવા લાગ્યા. અગાઉ નોંધ્યું છે તેમ બ્રાહ્મણોના ભાગે આવેલી કામગીરીમાં યજ્ઞયાગાદિ, અધ્યયન, અધ્યાપન અને શાસ્ત્રોના અભ્યાસને કારણે તથા એમની બૌદ્ધિક ક્ષમતા અને સામાજિક મોભાને કારણે શ્રેષ્ઠતા પૂરવાર થવા લાગી અને બાકીના વર્ગો પર એમનું વર્ચસ્વ અનાયાસે સ્થપાવા લાગ્યું. પછી તો પ્રયત્નપૂર્વક બ્રાહ્મણોએ ધર્મ અને પવિત્રતા તથા પરમેશ્વરની પૂજાનો જાણે કે ઠેકો લઈ લીધો. શાસ્ત્રોના અર્થઘટન પોતાની રીતે થવા લાગ્યા. વર્ણવ્યવસ્થા ઈશ્વર નિર્મિત છે એવું લોકોના મનમાં ઠસાવવામાં આવ્યું. ધીમે-ધીમે બાકીના ત્રણ વર્ગો એમાય ખાસ કરીને જેનો જન્મ પગમાંથી થયો હતો, જેની પાસે શિક્ષણ, ધન, સંપત્તિ નહતી અને સેવા કરવાનું કાર્ય જેને સોપાયું હતું તે વર્ગ એટલેકે શૂદ્ર વર્ગને અપવિત્ર, અસ્પૃશ્ય માનવામાં આવ્યા. ઈતિહાસનાં પૃષ્ઠો તપાસીએ તો આ ભાવના એટલી દઢ થઈ ચુકેલી દેખાય છે કે જાણે આ સિવાય બીજી કોઈ રીતે સમાજવ્યવસ્થા હોઈ શકે જ નહીં. શૂદ્ર વર્ગે પણ આજ વ્યવસ્થામાં પોતાનું હિત સમજીને કશીય જાણકારી, આવડત, સભાનતા કે ક્ષમતા વગર પરિસ્થિતિને અનુકૂળ અથવા કાર્યવહેચણીને અનુકૂળ બની જીવવા માંડ્યું અને પેઢી-દર પેઢી એ વ્યવસ્થા ચાલતી રહી. જગજીવન રામ તો કહે છે કે, ''अछूत कहे जाने वाले लोग के मन में भी वह विश्वास घर कर गया था कि यदि वे बिना चुं-चरां-किए स्वेच्छा से और आज्ञाकारिता की भावना से इश्वर के विधान के अनुसार अपने कर्तव्यो का पालन करते रहेंगे तो अगले जन्म में वे किसी उची जाति के सदस्य बनेगें।''[१६]

આમ, આરંભકાળમાં અસ્પૃશ્યતા નહોતી, વર્ણવ્યવસ્થા જડ નહોતી પણ ગુણકર્મ આધારિત હતી. આ વર્ણવ્યવસ્થાના મૂળ સ્વરૂપમાં સામાજિક એકતાનો ખ્યાલ હતો. જ્યાં સુધી આ વર્ણવ્યવસ્થાનું સમજદારીપૂર્વક પાલન થયું ત્યાં સુધી તંદુરસ્ત સમાજરચના ટકી રહી. પરંતુ સમય જતાં એ વ્યવસ્થાએ જ સમાજમાં વાડાબંધી સર્જી દીધી. પરિણામે કર્મના સિદ્ધાંતના સ્થાને જન્મના સિદ્ધાંતને સમાજે અપનાવી લીધો. અથવા તો આખરે તે જ્ઞાતિવાદ જન્મ આધારિત ઘૃણાસ્પદ વર્ણવ્યવસ્થામાં પરિણમી એવું પણ કહી શકાય. આથી અયોગ્ય બ્રાહ્મણ પણ યોગ્ય, પુજનીય બની ગયો અને સુયોગ્ય, વિદ્વાન શૂદ્ર અયોગ્ય, અસ્પૃશ્ય અને હીન માનવામાં આવ્યો. બ્રાહ્મણો અને શૂદ્રો વચ્ચે આભ-જમીનનું અંતર હતું. એમાંય વળી અસ્પૃશ્યોનાં દુ:ખોનો તો કોઈ પાર નહોતો. ધર્મ ઉચ્ચ વર્ગનો ઈજારો બની ગયો. બ્રાહ્મણોએ પોતાના ધાર્મિક ગ્રંથોમાં શૂદ્રોનાં માનવીય અધિકારો પર પ્રતિબંધ લગાવીને તેને માનવની શ્રેણીમાં સૌથી નીચે સ્થાન આપી બિલાડી, કૂતરા, કાગડા વગેરે પશુઓની શ્રેણીમાં મૂકી દીધા.

१६. भारत में जातिवाद और हरिजन समस्या, जगजीवन राम, प्रथम आवृति, 1996, राजपाल प्रकाशन, दिल्ली, पृ.11,12

## ૧.૨ : શૂદ્રોની સ્થિતિ

આપણા શાસ્ત્રો પર દૃષ્ટિ કરીએ તો જાણવા મળે છે કે શૂદ્રોને સામાજિકવ્યવસ્થામાં છેલ્લું અને ઘૃણાસ્પદ સ્થાન આપ્યું છે. શૂદ્ર અપવિત્ર હતો અને તેથી કોઈ પણ પવિત્ર કાર્ય તેની દૃષ્ટિ મર્યાદામાં અને તેની શ્રવણ મર્યાદામાં થવું ન જોઈએ. શૂદ્રોને વિદ્યા ભણવાનો, ભણાવવાનો, ધન, સંપત્તિ પ્રાપ્ત કરવા પર પ્રતિબંધ લગાવી દીધો. ન્યાય ક્ષેત્રે પણ શૂદ્રો પ્રત્યે અત્યંત ઘૃણાસ્પદ વલણ જોવા મળે છે. એક જ ગુના માટે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કરતાં શૂદ્રને વધારે સજા કરવામાં આવતી! વર્ણવ્યવસ્થામાં નિર્ધારિત કરેલાં કાર્યોની શૂદ્ર અવહેલના કરે અથવા તો તેના બદલે અન્ય કોઈ વ્યવસાય અપનાવે તો તેને મૃત્યુદંડની સજા કરવામાં આવતી, પશુઓની જેમ તેનું ખરીદ-વેચાણ થતું અને આર્યો તેને દાનરૂપે આપતા એવા ઉલ્લેખો પણ શાસ્ત્રોમાં જોવા મળે છે. શાસ્ત્રોના આધારે જ શૂદ્રોની સ્થિતિ તપાસીએ:

શતપથ બ્રાહ્મણમાં જણાવ્યું છે કે, ''યજ્ઞ કરતી વખતે શૂદ્રોથી વાતચીત કરવી નહીં અને યજ્ઞ શૂદ્રોની હાજરીમાં કરવા જોઈએ નહીં.''[૧૭] ''શૂદ્રને સોમરસ પણ પીવડાવવો જોઈએ નહીં.''[૧૮] એટલું જ નહીં તેમાં જણાવવામાં આવ્યું છે કે, ''શૂદ્રને કાગડા અને કૂતરા સમજવામાં આવતા હતા. એમની ઉત્પત્તિને પણ પાપ માનવામાં આવતી હતી.''[૧૯]

ઐત્રેય બ્રાહ્મણમાં જણાવવામાં આવ્યું છે કે, ''શૂદ્રો માત્ર બીજાના નોકર જ છે એ સિવાય એમની પાસે કોઈ જ અધિકાર નથી.''[૨૦]

વસિષ્ઠ ધર્મસૂત્રમાં શૂદ્રને સ્મશાન ભૂમિ કહી છે- ''મલિન શૂદ્ર જાતિ એ દેખીતી રીતે જ સ્મશાન ભૂમિ છે. તે કારણે (વેદનો) મુખપાઠ કોઈ શૂદ્રની હાજરીમાં ક્યારેય કરવો ન જોઈએ.''[૨૧]

ગૌતમ ધર્મસૂત્રના જણાવ્યા અનુસાર ''હવે જો તે વેદના (કોઈ મુખપાઠનું) ઈરાદાપૂર્વક શ્રવણ કરે તો તેના બંને કાનમાં કલાઈ કે લાખનો ઉકાળેલ રસ ભરવામાં આવશે. જો તે મુખપાઠ કરે તો તેની જીભ કાપી નાખવામાં આવશે અને જો તે તેમનું સ્મરણ કરે તો તેના શરીરને બે છૂટા ભાગોમાં અલગ પાડી દેવામાં આવશે''[૨૨] ગૌતમ ધર્મસૂત્રમાં શૂદ્રોની જે સ્થિતિ છે તે જ સ્થિતિ નારદ સ્મૃતિ અને વેદાન્તમાં પણ જોવા મળે છે.

બ્રાહ્મણોનો સૌથી મહત્ત્વપૂર્ણ ગ્રંથ 'મનુસ્મૃતિ' છે. 'મનુસ્મૃતિ' ની રચના ઈ.પૂ. ૨-૩ સદીથી માંડી ઈ.સ.ની ૨-૩ સદી દરમિયાન મનાય છે. આ સમયગાળામાં બ્રાહ્મણોનું આધિપત્ય સારી પેઠે જામી ચૂક્યું હતું પરિણામે શૂદ્રો સાથેના વ્યવહારમાં ઉદ્દંડતા પ્રગટ થઈ. મનુએ વર્ણવ્યવસ્થાને

૧૭. શતપથ બ્રાહ્મણ-૩-૧-૧૦
૧૮. એજન,૧૪-૧-૩
૧૯. એજન,૧૩-૨-૨૮
૨૦. ઐત્રેય બ્રાહ્મણ-૨-૨૯-૪
૨૧. વસિષ્ઠ ધર્મસૂત્ર-પ્રકરણ-૧૮,શ્લોક-૧૧-૧૫
૨૨. ગૌતમધર્મસૂત્ર-પ્રકરણ-૨૦, સૂત્ર-૪,૬

રૂઢ, જન્મગત અને ભેદભાવયુકત બનાવી દીધી. ઉચ્ચ જાતિમાં જન્મ લેનાર ઉચ્ચ ગણાય પછી ભલે તે ગમે તેટલો અયોગ્ય કેમ ન હોય. બીજી તરફ નિમ્ન જાતિમાં જન્મ લેનાર વ્યક્તિ ગમે તેટલો યોગ્ય હોય તો પણ તેમને નીચ અને અછૂત માનવામાં આવતા. મનુએ કહ્યું છે કે: ''ભગવાને શૂદ્રને એક જ ફરજ સોંપી તે વર્ગો (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય)ની આનાકાની વિના સેવા.''[૨૩] મનુએ આગળ લખ્યું છે કે, ''ખરેખર કોઈ શૂદ્ર દ્વારા સંપત્તિની જમાવટ કરાવી ન જોઈએ તેમ કરવા તે શકિતમાન હોય તો પણ નહિ; કારણ કે, કોઈ શૂદ્ર દ્વારા સંપત્તિની જમાવટ માત્રનું દર્શન બ્રાહ્મણને હાનિ કરે છે.''[૨૪]

એ સમયની વર્ણવ્યવસ્થાની જડતા એ બાબત ઉપરથી પણ સમજી શકાય છે કે ખુદ મનુએ પણ અલગ-અલગ જાતિઓ માટે અલગ-અલગ સજા નક્કી કરી હતી. આ સજા ધાર્મિક રીતે માન્યતાં પ્રાપ્ત સજા હતી. તે જણાવે છે કે, ''જે કોઈ બ્રાહ્મણનું અપમાન કરે છે તે ક્ષત્રિયનો એકસો (પનાસ); કોઈ વૈશ્યનો દોઢસો અથવા બસો (પનાસ) દંડ ભરવો પડશે; પરંતુ કોઈ શૂદ્રને શારીરિક સજા મેળવવાની ફરજ પાડવામાં આવશે. કોઈ બ્રાહ્મણનો જો તેણે કોઈ ક્ષત્રિયનું અપમાન કર્યું હોય તો પચાસ (પનાસ) દંડ કરવો જોઈએ પરંતુ કોઈ વૈશ્યનું અપમાન કર્યું હોય તો પચાસના અર્ધા (પચીસ પનાસ) અને કોઈ શૂદ્રનું અપમાન કર્યું હોય તો બાર (પનાસ) દંડ કરવો જોઈએ.''[૨૫]

સૌથી વધારે શરમજનક બાબત તો એ છે કે શૂદ્રોને મૃત્યુ પછી પણ અસ્પૃશ્ય જ માનવામાં આવતા. મનુ જણાવે છે કે - ''કોઈ મૃત્યુ પામેલા શૂદ્રને શહેરના દક્ષિણ દરવાજા દ્વારા લઈ જવો (સ્મશાને) જોઈએ પરંતુ દ્વિજોને અનુક્રમે પશ્ચિમના, ઉત્તરના અને પૂર્વના દરવાજાઓ દ્વારા લઈ જવો જોઈએ.''[૨૬]

આમ, મનુકાળમાં શૂદ્રોની સ્થિતિ ખૂબ જ દયાજનક હતી. મનુકાળ પછી પણ શૂદ્રોની સ્થિતિ કથળેલી જોવા મળે છે.

વેદો અને મનુસ્મૃતિની જેમ મહાભારત, રામાયણમાં પણ શૂદ્રોની દયનીય સ્થિતિનો ઉલ્લેખ મળે છે. મહાભારતમાં શૂદ્રોને અધમ જાતિના સમજવામાં આવતા હતા, ચારેય વર્ણોમાં શૂદ્રનું સ્થાન અત્યંત નિમ્ન કક્ષાનું માનવામાં આવતું હતું. ચારેય વર્ણોના કર્મ વિભાજન અલગ-અલગ હતા. શૂદ્રનું કામ માત્ર અન્ય વર્ણોની સેવા કરવાનુ જ હતું-

> 'शूद्र शुश्रुषा कुर्यात त्रिवर्णेषु नित्यशः'[२७]
>
> શૂદ્ર ત્રણેય વર્ણોની સેવા કરવાવાળો ગુલામ બની ગયો હતો-
>
> 'प्रजापतिंहि वर्णानां दासं शूद्रमकल्पयत्'[२८]

---

૨૩. મનુંસ્મૃત્તિ, પ્રકરણ,૧, શ્લોક, ૮૭-૯૧
૨૪. મનુસ્મૃત્તિ, પ્રકરણ,૧૦, શ્લોક, ૧૨-૯
૨૫. મનુસ્મૃત્તિ, પ્રકરણ,૧૧, શ્લોક, ૧૨૭-૧૩૧
૨૬. મનુસ્મૃત્તિ, પ્રકરણ,૫, શ્લોક, ૯૨
૨૭. મહાભારત, ૪-૫૦-૬
૨૮. મહાભારત, શાંતિપર્વ, ૬૦-૨૮

આપણે સૌ જાણીએ છીએ કે વિદૂર શિક્ષિત હતો પરંતુ શૂદ્ર હોવાને કારણે એ બીજાઓને શિક્ષણ આપી શકતો નહોતો. અર્થાત્ શૂદ્રોને બીજાઓને ભણાવવાનો અધિકાર નહોતો. મહાભારતમાં કહ્યું છે કે : ''શૂદ્ર માટે એ આદેશ હતો કે એ પવિત્ર અગ્નિહોમ કરી શકતા નહોતા અને શૂદ્ર પોતે કમાયેલી સંપત્તિને રાખી શકતો નહોતો. શૂદ્રોને મંત્રોચ્ચારનો અધિકાર પણ નહોતો. શૂદ્ર ચાર આશ્રમ બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ અને સન્યાસ આશ્રમો અનુસાર જીવન જીવી શકતો નહોતો''[૨૯] મહાભારતમાં એવો પણ ઉલ્લેખ છે કે, ''શૂદ્રોની તુલના કૂતરાની સાથે કરવામાં આવતી હતી અને ત્યાં નોકરી કરનારને પણ કૂતરાની બરાબર જ માનવામાં આવતા હતા.''[૩૦]

રામાયણમાં પણ દર્શાવ્યું છે કે, શૂદ્રોને હવન, યજ્ઞ અને વિદ્યા અધ્યયનનો અધિકાર હતો નહીં. જો કોઈ શૂદ્ર તપસ્યા કરવા લાગે તો એને ધર્મ વિરુદ્ધ પવિત્ર કરનાર માનવામાં આવતો હતો અને ઉચ્ચ વર્ણના લોકો બ્રાહ્મણ રાજા દ્વારા દ્વેષભાવના કારણે એની હત્યા કરાવી નાખતા હતા. શમ્બૂક શૂદ્ર વર્ણનો હતો. તે વૃક્ષ પર ઊલટો લટકીને તપસ્યા કરી રહ્યો હતો. વર્ણવ્યવસ્થાને તોડવાના અપરાધ બદલ રાજા રામે પોતાની તલવારથી તેનો વધ કર્યો હતો. એજ રીતે મહાભારતમાં ગુરુ દ્રોણાચાર્યે શૂદ્ર બાળક એકલવ્યનો અંગૂઠો ઈરાદાપૂર્વક કપાવ્યો, જેથી ક્ષત્રિયપુત્ર અર્જુન કરતાં શૂદ્રપુત્ર એકલવ્ય આગળ ન પહોંચી જાય ! અર્જુન સમોવડો કોઈ શૂદ્ર બને તે ગુરુ દ્રોણને મંજૂર નહોતું ! વર્ણવ્યવસ્થાનું ઉલ્લંઘન કરવા બદલ શમ્બૂક અને એકલવ્યની જેમ બીજા અનેક શૂદ્રોને સજા ફરમાવવામાં આવી હતી. આમ, આપણાં શાસ્ત્રોનો અભ્યાસ ઊંડાણથી કરીએ તો જાણવા મળે છે કે શૂદ્રોને માનવીય અધિકારોથી જાણી જોઈને વંચિત રાખવામાં આવતા હતા. એક અત્યંત સંવેદનશીલ વર્ગને પશુવત્ જિંદગી જીવવા માટે ફરજ પાડવામાં આવી. મૂંગો અને બહેરો બનાવી દેવામાં આવ્યો. તેને બહિષ્કૃત કરી છેવાડા પર ધકેલી દીધો. બિચારા શૂદ્રે પણ આ પરિસ્થિતિ જાણેકે સ્વીકારી લીધી. એ સમજવા લાગ્યો અને પેઢી દર પેઢી સમજાવવા લાગ્યો કે આપણાંથી આ ત્રણ વર્ગોની સેવા ચાકરી સિવાય બીજું કશું કરી શકાય નહિ. આ પરંપરા મધ્યકાળમાં અવિરતપણે ચાલી.

મધ્યયુગીન સામંતી સમાજમાં વર્ણ અને જાતિ બંને કેટલીક હદ સુધી મળીને એકબીજાની પર્યાય બની જાય છે. આ સમયમાં જાતિપ્રથા વિકરાળ રૂપ ધારણ કરી ચૂકી હતી. માત્ર શૂદ્રો સાથે અમાનવીય વ્યવહાર કરવામાં આવતો હતો એવું નહીં, સ્ત્રીઓ સાથે પણ એવો જ વ્યવહાર કરવામાં આવતો હતો. મધ્યયુગીન સામંતી વ્યવસ્થાએ સામાજિક, ધાર્મિક અને આર્થિક અસમાનતાઓને જન્મ આપ્યો હતો. લક્ષ્મીનારાયણ સુધાકર મધ્યકાલીન શૂદ્રોની સ્થિતિનો ચિતાર આપતા નોંધે છે : ''शताब्दियों–शताब्दियों से वंचित, अज्ञानता और अंधविश्वासो में आकंठ डूबे दरिद्रता की दरेर में पले, सामाजिक असमानता– अपमान तथा असहय यातनाए सहते– सहते दलितो का मन ही भर गया। मरे हुए मन में उत्साह पैदा नही होता। स्वाभिमान के अभाव में दलित वर्ग हीनता के दल–दल में एसा फंसा कि उन्हे इस बात तक का एहसास नहीं रहा कि वे भी औरो की तरह मनुष्य ही है। सवर्ण उन्हे अपना स्वाभाविक दास और गुलाम समझते रहे और पशुओ से भी बदतर

૨૯. મહાભારત, ૧૩-૧૦૪-૧૬-૨૦

૩૦. મહાભારત, ૯ - ૩૫

सलूक करते रहे और दलित यह मानते रहे कि उनका तो जन्म ही द्विजो की सेवा करने, असह्य यातनाएं और दुर्व्यवहार सहने के लिए हुआ है। तुलसीदास ने 'रामचरित मानस' में लिखा है :–

"ढोर गंवार शूद्र, पशु, नारी।
ये सब ताड़न के अधिकारी।।
पूज्य विप्र ज्ञान– गुन हीना।
शूद्र न गुनगन ज्ञान प्रवीना।।
शापत– ताड़त परसु कहन्ता।
विप्र पूज्य अस गावाहं सता।।"[૩૧]

આજના દલિત વર્ગ અને વૈદિકકાળના શૂદ્ર વર્ગની સ્થિતિમાં સામ્ય છે. આઝાદી પૂર્વેના દલિતોની સ્થિતિ તપાસીએ તો જાણવા મળે છે કે ગુજરાતના અસ્પૃશ્યોના પૂર્વજોએ પોતાની પૂંઠે સાવરણો અને ગળામાં થૂંકવા કુલડી બાંધવી પડતી હતી. સવર્ણો દલિતોના સ્પર્શ માત્રથી અભડાઈ જતાં હતા. એટલું જ નહિ તેના પડછાયાથી પણ અભડાઈ જતા! તેમને ગામના કૂવામાંથી પાણી ભરવા દેવામાં આવતું નહોતું, હવાડામાંથી પશુ પાણી પી શકે પણ દલિત નહીં! તેઓને મંદિર, શાળા, પુસ્તકાલય, દુકાન, કોર્ટ, પોસ્ટ ઓફિસ, હોસ્પિટલ વગેરે સાર્વજનિક સ્થળોએ પ્રવેશવા માટે પ્રતિબંધ હતો. દલિતો મુકત રીતે સાર્વજનિક વાહનોમાં મુસાફરી પણ કરી શકતા નહોતા કે મનપસંદ વ્યવસાય-ધંધો પણ ન કરી શકતા. જે દલિતો પ્રસ્થાપિત સામાજિક વ્યવસ્થાક્રમને ઉવેખવાનો પ્રયત્ન કરતા તેઓને સજા ફટકારવામાં આવતી. સવર્ણોનો આદેશ હતો કેઃ "ગામ બહાર રહો, છેક છેવાડે! તે પણ દક્ષિણમાં જેથી તમારી ગંદી હવા ગામમાં ન આવે! ઉકરડા પર રહો, એક સમયે સાંજે જ ખાવ." તેઓ સારા પોશાક પહેરી શકતા નહોતા, પાકા ઘરોમાં રહી શકતા નહોતા, ઘણાખરા દલિતોને લગ્ન પ્રસંગે ઘોડા પર બેસવાની, પાઘડી બાંધવાની મનાઈ હતી. ઉપલી જ્ઞાતિના લોકો જે કર્મકાંડો કરતા તે દલિતો કરી શકતા નહોતા. તેઓને ભીખ માંગવી ફરજિયાત હતી. તેઓને પુરોહિત, દરજી, હજામ, ડૉકટર વગેરે પાસેથી સેવા પણ મળી શકતી નહોતી. મિલ્કત પણ ખરીદી શકતા નહીં. તેઓને પ્રતિષ્ઠાસૂચક નામ રાખવાનો પણ અધિકાર નહોતો. આઝાદીપૂર્વેના શાળાના હાજરીપત્રકો જોઈએ તો તેમાં દલિત વિદ્યાર્થીનું નામ અપમાનજનક રીતે લખાયેલું જોવા મળે છે. રામપુરા – જોડકાની પ્રાથમિક શાળાનાં રજિસ્ટરમાં તા. ૧૯-૦૬-૧૯૧૮માં સવર્ણ અને દલિત વિદ્યાર્થીઓના નામની નોંધણીમાં નીચે પ્રમાણેનો ભેદ જોવા મળે છે. જુઓ : શાન્તીલાલ માણેકચંદ વાણીયા – કેશલા ધના ઢેડ[૩૨]

દલિતોના મૃતદેહને દફનાવવાનું સ્થળ પણ અલગ રહેતું. હવે કેટલાંક અભ્યાસીઓએ તૈયાર કરેલા અહેવાલ જોઈએ જેથી વધુ સ્પષ્ટ હકીકતો મળી શકે. "૧લી જાન્યુઆરી ૧૮૪૬ માં અમદાવાદમાં સ્થપાયેલી હાઈસ્કૂલ પણ સવર્ણોની અંત્યજો પ્રત્યેની સૂગનું પરિણામ હતી કારણ કે, એ સમયે અમદાવાદમાં શાળા ચલાવતા પાદરીએ અંત્યજ વિદ્યાર્થીને શાળામાં દાખલ કર્યા હતા. તેથી

૩૧. शोषित समाज की दशा और दिशाः समग्र मूल्यांकन, डॉ. आर.एम.एस. विजयी, पृ.90

૩૨. તા. ૧૦-૦૩-૨૦૦૭ના રોજ રામપુરા-જોડકાની પ્રાથમિક શાળાની લીધેલ મુલાકાત

નગરશેઠ હેમાભાઈ વખતચંદના નેતૃત્વ હેઠળ થયેલી માગણીને પરિણામે એ હાઈસ્કૂલનો જન્મ થયો હતો.''[૩૩] ત્યાર બાદ અંત્યજો માટે વડોદરાના સર સયાજીરાવ ગાયકવાડ (૧૮૮૨-૧૯૩૮)નું શાસન કલ્યાણકારી નીવડ્યું. તેમના પર પશ્ચિમી શિક્ષણ અને સંસ્કારોની અસર હોવાથી તેમણે તેમના રાજ્યના અંત્યજોના શિક્ષણ માટે એક કન્યાશાળા સહિત કુલ ૧૫ અંત્યજ શાળાઓ શરૂ કરાવી હતી. નોંધપાત્ર અને આશ્ચર્યજનક બાબત તો એ છે કે અંત્યજોને હિંદુ સમાજનું અવિભાજ્ય અંગ ગણવામાં આવતા હોવા છતાં એક પણ હિંદુ શિક્ષક એ શાળાઓમાં કામ કરતા નહોતા. જ્યારે મુસ્લિમ, ખ્રિસ્તી કે પારસી શિક્ષકો ઉત્સાહપૂર્વક એ શાળાઓ ચલાવતા હતા. તેથી સર સયાજીરાવ ગાયકવાડ દુ:ખ સાથે કહેતા હતા કે, '' મારા રાજ્યમાં અંત્યજો માટે ખાસ શાળાઓ ખોલી છે પણ તેમાં શિક્ષકનું કામ કરવા માટે કોઈ હિંદુ શિક્ષકો મળતા નથી...''[૩૪] આમ, ગાયકવાડના સમયમાં પણ સવર્ણોની અસ્પૃશ્યો પ્રત્યેની સૂગ છતી થતી જોઈ શકાય છે. જાહેર આરોગ્ય જેવા સ્થળોમાં પણ અસ્પૃશ્યતા ખુલ્લેઆમ પળાતી હતી. ઈ.સ. ૧૮૮૯ માં અમદાવાદમાં રણછોડલાલ છોટાલાલે સ્થાપેલી જ્યુબિલી હોસ્પિટલ સ્ત્રીઓના દર્દો દૂર કરવા માટે પ્રસિદ્ધ હતી. તે દવાખાનાના પારસી મહિલા દાકતર કાપડિયાએ એક દિવસે એક ભંગી બાઈને સુવાવડ માટે દવાખાનામાં દાખલ કરી તેથી દવાખાનાના તમામ દરદીઓ દવાખાનું છોડી ગયા... આ ઘટના પછી ગુજરાતમાં દલિતો માટે અલગ હોસ્પિટલની જોગવાઈ કરવામાં આવી હતી !

ગાંધીયુગમાં ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણનું આંદોલન ચલાવ્યું. તેમની વિચાર ધારાથી પ્રભાવિત થઈને ઘણા બધા સવર્ણ લોકો દલિતોધ્ધારની પ્રવૃતિમાં જોડાયા. ''ઈ.સ. ૧૯૧૭માં ગોધરા મુકામે મળેલી પ્રથમ રાજકીય પરિષદ વખતે ગોધરામાં નાનકડી ભંગીશાળા સ્થાપવામાં આવી હતી. ૧૯૧૯માં તેનું સુકાન મામાસાહેબ ફડકેએ સંભાળ્યું હતું. ગાંધીયુગની એ પ્રથમ ભંગીશાળા હતી.''[૩૫] પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે ''તેમાં સવર્ણોએ તો રસ લીધો નહતો પરંતુ ભંગીઓએ પણ રસ લીધો નહતો.''[૩૬] ગાંધીજી, ઠક્કરબાપા, મામાસાહેબ ફડકે, પરીક્ષિતલાલ મજમુદાર વગેરેના પ્રયત્નોથી નડિયાદ, ભાવનગર, રાજકોટ, અમદાવાદમાં અંત્યજ શાળા શરૂ થઈ પરંતુ અસ્પૃશ્યતાની ઝેરી પકડને લીધે એ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓને પણ સહન કરવું પડતું. છેવટે અંત્યજો માટે અલગ શાળાઓ ચલાવવી ઉચિત ન લાગતા 'ગુજરાત હરિજન સેવક સંઘે' તા. ૨૨-૯-૧૯૩૫ના રોજ અંત્યજ શાળાઓ ખોલવાનું બંધ કરવા તથા અંત્યજ વિદ્યાર્થીઓને સાર્વજનિક શાળાઓમાં દાખલ કરાવવાનો ઠરાવ કર્યો પરંતુ રૂઢિચુસ્ત માનસ ધરાવતા હિંદુ સમાજમાં રહીને એ ઠરાવનો અમલ કરાવવો એ લોઢાના ચણા ચાવવા સમાન હતું. તેમ છતાં 'હરિજન સેવક સંઘ'ના કાર્યકરો તે ઠરાવનો અમલ કરાવવા પ્રયત્નશીલ બન્યા હતા. ઈ.સ.૧૯૩૫માં અમદાવાદ જિલ્લાના કાવિઠા ગામની સ્કૂલબોર્ડની શાળામાં અંત્યજ બાળકોને દાખલ કરાવવાની બાબતમાં બન્ને પક્ષે ખટરાગ થયો. ગામલોકોએ એ મુદ્દા પર

૩૩. Education changes in Gujarat in the first half of the 19th Century, The Quarterly Review of Historical studies Vol-iii-No-44 Makrand Mehta, 1968-69, Pages. 253-261

૩૪. મારી જીવન કથા, મામા સાહેબ ફડકે, નવજીવન પ્રકાશન, અમદાવાદ, ૧૯૭૪, પૃ.૭

૩૫. એજન, પૃ.૬૦

૩૬. મહાદેવ દેસાઈની ડાયરી, મહાદેવ દેસાઈ, ભાગ-૭, પૃ.૧૨

અંત્યજોનો બહિષ્કાર કર્યો. છેવટે સ્કૂલબોર્ડે જણાવ્યું કે, જે શાળાઓમાં અંત્યજ બાળકોને પ્રવેશ ન મળતો હોય તે શાળાઓને સદંતર બંધ કરી દેવી. સ્કૂલબોર્ડની એ જાહેરાત પછી અને સરદાર વલ્લભભાઈ પટેલની દરમિયાનગીરીથી છેવટે એ બન્ને પક્ષો વચ્ચે સમાધાન શકય બન્યું હતું. સ્કૂલબોર્ડના એ ઠરાવ પ્રમાણે ભરૂચ જિલ્લાની નોંધણી ખેડા જિલ્લાની માતર, અલિંદ્રા, નાયા, પામોલ, અમદાવાદ જિલ્લાની ગોધાવી વગેરે શાળાઓ બંધ કરવી પડી હતી કારણ કે, રૂઢિચુસ્ત હિંદુ સમાજે અંત્યજ બાળકોને એ શાળામાં દાખલ કરવામાં મચક આપી નહતી. ગોધાવી ગામના હિંદુઓએ તો અંત્યજ બાળકોના શાળા પ્રવેશની બાબતે છંછેડાઈને અંત્યજોનો બહિષ્કાર કર્યો હતો તથા તેમના પાણી ભરવાના વીરડામાં કેરોસીન છાંટી થોર નાખ્યા હતા. તેમનાં ખેતરોના ઊભા પાકને તથા તેમનાં ઘરોને આગ લગાડી હતી. પરિણામે અંત્યજોએ હિજરત કરીને ત્રણ માસ સુધી ગામ છોડવું પડ્યું હતું. છેવટે પરીક્ષિતલાલ મજમુદારના પ્રયત્નોથી સમાધાન શકય બન્યું હતું તેથી ગોધાવી ગામના ગોવા મેતરને ગામના મુખી દેવા પટેલે સમાધાનના પ્રતીકરૂપે પાઘડી બાંધી હતી.''[૩૭]

ઈ.સ. ૧૯૨૭માં કચ્છ જિલ્લાની માંડવીની સાર્વજનિક શાળામાં અંત્યજ બાળકોને દાખલ કરતા નહતાં તેથી માંડવીમાં ગોકળદાસે ગાંધી-હરિજન બાલાશ્રમ સ્થાપ્યો હતો. શિક્ષણ સામાજિક પરિવર્તનનું મહત્ત્વનું પરિબળ છે આથી આઝાદીપૂર્વે સમાજસુધારકો દ્વારા દલિતોને શિક્ષણ અપાવવાની જોગવાઈઓ કરવામાં આવી હતી છતાં કેટલાક સવર્ણોની રૂઢિજડતાને કારણે શિક્ષણ મેળવી શકતા નહોતા.

કોઈ પણ સંવેદનશીલ માણસના રૂંવાડાં ઊભા કરી દે તેવો બનાવ તા.૬-૨-૧૯૩૧ના રોજ સાબરકાંઠાના ઓઢા ગામે બનેલો. આ ગામમાં ઢોરના પાણી પીવાના હવાડામાંથી કૂતરાની લાળ અને ઢોરના છાણથી મલિન થયેલું કીડાથી ખદબદતું પાણી પીવા માટે બે ભંગીબાઇઓ વલખા મારતી હતી. તે જોઈને દયાર્દ્ર બનેલા ગાંધી મંદિરના કાર્યકર ભોગીલાલ ગાંધીએ ઊંચેથી તેમને પાણી રેડી આપ્યું પરિણામે આખું ઓઢા ગામ ખળભળી ઉઠ્યું. ભંગીઓને ધમકી આપવામાં આવી. ગાંધી મંદિરનું મકાન ખાલી કરવાની ધમકી પણ મળી. આમ, જીવન જરૂરિયાતની અત્યંત મહત્ત્વની મનાતી અને કુદરતી ભેટ મળેલ પાણી હિંદુવર્ગના જ એક અભિન્ન અંગ ગણાતા દલિત સમાજને ન મળે એનાથી વધારે ક્રૂર અને શરમજનક બાબત બીજી કઈ હોઈ શકે?

સાર્વજનિક વાહનોમાં દલિતોને કેવું વેઠવાનું આવ્યું છે તે જોઈએ. ૧૭ જૂન ૧૮૭૩ના રોજ અમદાવાદથી મુંબઈ જતી ગાડીમાં એક અંત્યજ બેઠો તેથી મુસાફરોએ ડેવી નામના સ્ટેશન માસ્તરને તેને બીજા ડબ્બામાં ખસેડવા જણાવ્યું. તેથી ડેવીએ કહ્યું, ''તેણે પણ તમારી જેમ જ ટિકિટ ખરીદી છે તેથી તેને ખસેડી શકાય નહીં પરંતુ પોર્ટરોએ તેને ગુડઝના ડબ્બામાં ખસેડ્યો તેથી શાકભાજી વાળાઓએ શાકભાજી અભડાવવાની ફરિયાદ કરી. તે પછી છેવટે તેને મૂંગા ઢોરના ડબ્બામાં ખસેડવામાં આવ્યો.''[૩૮] આ પરિસ્થિતિ થોડા ઘણા ફેરફારો સાથે ઈ.સ. ૧૯૪૬-૪૭માં અને તે પછી પણ ચાલુ હતી. ૧૯૪૬-

૩૭. સેવામૂર્તિ પરીક્ષિતલાલ, દલપત શ્રીમાળી, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, ૧૯૭૦, પૃ.૭૩,૭૪

૩૮. ગુજરાત મિત્ર, તા. ૨૦-૦૭-૧૮૭૩

૪૭માં કંલોલ તાલુકામાં સરઢવ ગામે અંત્યજોને મોટરમાં બેસવા દેવામાં આવતા નહતા. તેથી અંત્યજ કાર્યકર મૂળદાસ વૈશ્ય તથા ગોવિંદભાઈ શ્યામજીએ મોટર સત્યાગ્રહ કરેલો પરિણામે એ બંને કાર્યકરોને ધીબી નાખ્યા હતા.''[૩૯] દલિતોને મદદ કરનાર સવર્ણ લોકોને પણ ઘણીવાર હડધૂત થવું પડ્યું છે ને માર ખાવો પડ્યો છે. ગાંધીયુગના સાહિત્યકાર રામનારાયણ વિ.પાઠકને પણ અંત્યજ બાળકો સાથે સતાધારના મંદિરમાં પ્રવેશ અંગે મરણતોલ માર ખાવો પડ્યો હતો.

ધર્મકેન્દ્રી રાષ્ટ્રવાદના પરિણામે ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ એના અંતિમ દિવસોમાં કોમી તંગદિલીનો ભોગ બન્યો. એની પરાકાષ્ઠા ભારતીય ઉપખંડના ભારત-પાકિસ્તાનના ભાગલામાં પરિણમી હતી. ધર્મ રાષ્ટ્રને એક રાખી શકતો નથી એનો અનુભવ પાકિસ્તાનના, પાકિસ્તાન- બાંગ્લાદેશ એવા વિભાજનમાં થયો. વિભાજન અંગે પુસ્તક લખવા સંદર્ભે ૧૯૮૬માં પીટર ચૈપલ, સતી અન્ના અને ઉર્વશી બુટાલિયા પંજાબના ગુરુદાસપુર જિલ્લાના બટાલા ગામે દલિત સફાઈ કામદાર સ્ત્રી માયારાનીને મળ્યા. ભારત વિભાજનની વાતો કરતાં આ દલિત સ્ત્રીએ પોતાની ઓળખાણ સ્ત્રી કરતાં દલિત તરીકે વિશેષ આપી અને ત્યારે ઉર્વશી બુટાલિયાને વિભાજનનો ઈતિહાસ અને સાહિત્યમાં દલિતો પ્રત્યે રખાયેલી આભડછેટનો ખ્યાલ આવ્યો. વિભાજનના અનેક પરિમાણોમાં સ્ત્રીઓ, બાળકો અને દલિતોની શી સ્થિતિ હતી તેનો વેદનાસભર ચિતાર વરસોની મહેનત અને ખણખોદ પછી 'The otherside of Silence'[૪૦]માં ઉર્વશી બુટાલિયાએ આપ્યો છે. ઉર્વશી બુટાલિયાના આ પુસ્તકમાંથી પસાર થતાં વિભાજન વેળાએ દલિતોને કેવાં કેવાં તબક્કાઓમાંથી પસાર થવું પડેલું અને આ પ્રકારના કપરા સંજોગોમાં પણ સામાજિક ભેદભાવો ટાળીને એક માનવીય વ્યવહાર કરી શક્યો નથી તેની દુ:ખદ પ્રતીતિ થઈ. જાન્યુઆરી ૧૯૪૮માં બે મહિલા સામાજિક કાર્યકરો સુશીલા નય્યર અને અનીસ કિદવઈ દિલ્હીના છેવાડે આવેલા તિહાડ ગામમાં વિભાજનની સ્થિતિ અંગે તપાસ માટે ગયા. તેમણે સાંભળ્યુ હતું કે પાકિસ્તાનથી આવેલા એક અમીર હિન્દુએ પાકિસ્તાનની પોતાની સંપત્તિ ત્યાં જ છોડી દીધી હતી પણ તેમણે બીજા અનેક લોકોની જેમ તિહાડના કોઈ પૈસાદાર મુસલમાન સાથે સંપત્તિની અદલાબદલી કરી લીધી હતી. નોંધપાત્ર બાબત તો એ છે કે બંનેએ એકબીજાની મિલકત તો લઈ લીધી પરંતુ વેપાર-ધંધામાં કામ કરતા જૂના કર્મચારીઓને રાખવા બેમાંથી એકેય તૈયાર ન હતા, હિન્દુએ જે જૂના કર્મચારીઓને છૂટા કરી દીધા તેમાં મોટાભાગના મુસલમાન અને દલિતો હતા. મુસ્લિમો તો શહેરમાં બનાવેલા બે મુસ્લિમ કેમ્પમાં ચાલ્યા ગયા પરંતુ દલિતો માટે ત્યાં કોઈ સગવડ નહોતી ! સરકારની પણ કોઈ સહાય દલિતોને નહોતી.

અનીસ કિદવઈ અને સુશીલા નય્યર તિહાડ ગયા ત્યારે તેમણે ગામને છેવાડે અનેક વૃદ્ધ દલિતોને પોતાનાં જૂના ઘરોને જોઈને પોતાના ભાગ્ય પર રડતાં-કકળતાં જોયા હતા. તેમનું ગામ તિહાડ, પાકિસ્તાનથી આવનાર હિન્દુ શરણાર્થીઓને રાખવા માટે તૈયાર કરવામાં આવતું હતું. તેમણે કહ્યુ કે, 'પરંતુ અમારા માટે શું ? અમે ક્યાં જઈશું ? અમારી દેખભાળ કોણ કરશે ?' શરણાર્થી કેમ્પમાં

૩૯. સેવામૂર્તિ પરીક્ષિતલાલ, દલપત શ્રીમાળી, નવજીવન ટ્રસ્ટ, પૃ.૯૮

૪૦. खामोशी के उस पार, उर्वशी बुटालिया, अनुवाद, राजीवकुमार श्रीवास्तव, वाणी प्रकाशन, द्वितीय संस्करण, 2004

બે પ્રકારના શરણાર્થીઓને રાખવામાં આવતા. પાકિસ્તાનથી આવનારાં મોટાભાગના હિન્દુ અને પાકિસ્તાન જવાની પ્રતીક્ષા કરતાં મોટા ભાગના મુસ્લિમ શરણાર્થી પણ તિહાડના દલિતોને ન તો હિંદુ પોતાના ગણતા હતા કે નતો મુસલમાન. એટલે તેમને કોઈપણ પ્રકારની રાહત મળતી નહોતી ! આથી ડિસેમ્બર ૧૯૪૭માં ડૉ.બાબાસાહેબ આંબેડકરે વડાપ્રધાન જવાહરલાલ નહેરુને ફરિયાદ કરતાં લખ્યું કે, 'પૂર્વ પંજાબથી આવનારા અનુસૂચિત જાતિના શરણાર્થીઓને ભારત સરકાર દ્વારા બનાવવામાં આવેલ કેમ્પમાં આશ્રય મળતો નથી. તેનું કારણ એ છે કે અધિકારી વર્ગ હિંદુ અને અનુસૂચિત જાતિના શરણાર્થીઓની વચ્ચે ભેદભાવ રાખી રહ્યો છે. રાહત અને પુનઃવસવાટ વિભાગે એક નિયમ બનાવ્યો હતો કે માત્ર રાહત કેમ્પોમાં રહેતા શરણાર્થીઓને મદદના રૂપમાં ખાદ્યસામગ્રી, કપડાં વગેરે પ્રાપ્ત કરી શકે છે.' ભેદભાવના કારણે કેમ્પમાં પ્રવેશ ન મળવાની સ્થિતિમાં દલિત શરણાર્થીઓને કોઈ જ રાહત મળતી નહોતી. આમ, ભારત વિભાજનમાં દલિતોના સંદર્ભે થયેલી વિવિધ ચળવળો, ઝુંબેશો બતાવે છે કે દલિતો સાથે ભારત વિભાજન સમયે પણ તિરસ્કૃત વ્યવહાર થયો હતો. જેની નોંધ ભારત વિભાજનના ઈતિહાસમાં કયારેય નથી લેવાઈ. સરકારી કચેરીઓના વર્ષો જૂના દસ્તાવેજો ખંખેરીને ઉર્વશી બુટાલિયાએ ઈતિહાસની અંધારી બાજુ તરફ પ્રકાશ ફેંકયો છે.

દુ:ખની વાત તો એ છે કે આઝાદી મળ્યા પછી પણ અસ્પૃશ્યતા નવીન ઢબે અને વિવિધ સ્વરૂપે વિસ્તરતી રહી છે. પ્રો.આઈ.પી.દેસાઈએ ૧૯૬૦માં ગુજરાતના ૬૯ ગામોમાં અસ્પૃશ્યતાની સ્થિતિને તપાસી હતી, એમના સંશોધનમાં એ જાણવા મળ્યું કે અસ્પૃશ્યતા સમાજ જીવનના બંને ક્ષેત્રોમાં પ્રવર્તમાન છે. આ ક્ષેત્રને તેમણે ખાનગી અને જાહેર ક્ષેત્રો તરીકે વર્ણવ્યા હતા. એમના સંશોધનનું મુખ્ય તારણ એ હતું કે અસ્પૃશ્યતા ગુજરાતના અન્ય ભાગો કરતાં ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સવિશેષ છે. પ્રો.આઈ.પી. દેસાઈએ ૧૯૬૦માં કરેલ ૬૯ ગામોનો પ્રો.ઘનશ્યામ શાહે ૧૯૯૮માં પુનઃઅભ્યાસ કર્યો હતો. તેમણે એવું તારણ કાઢયું હતું કે ચોક્કસપણે અસ્પૃશ્યાતાનો વ્યવહાર ઓછો થયો છે પણ તે સંપૂર્ણપણે ગઈ નથી...

તા.૭-૧૧-૨૦૦૩ના 'સંદેશ'માં હેમંતકુમાર શાહનો લેખ 'ગુજરાતમાં ઘણા ગામો અસ્પૃશ્યતાથી ખદબદે છે ?' માં બનાસકાંઠા જિલ્લા દલિત સંગઠન દ્વારા બનાસકાંઠા જિલ્લામાં અસ્પૃશ્યતા અંગે સંર્વેક્ષણ હાથ ધરાયું હતું. આ સર્વેક્ષણ ધાનેરા, પાલનપુર, થરાદ, વાવ અને વડગામ તાલુકાના ૧૦૭ ગામોમાં કરવામાં આવ્યું હતું. તેમાંથી ૭૩ ગામોમાં દલિતો જુદા-જુદા અસ્પૃશ્યતાનો ભોગ બનેલ છે. અસ્પૃશ્યતા કેવા પ્રકારે અસ્તિત્વમાં છે તેની વિગતો આ પ્રમાણે છે :

૧. બાવીસ ગ્રામપંચાયતોમાં દલિતો પ્રત્યે ભેદભાવ રાખવામાં આવે છે. ૧૫ ગામો એવા છે કે જ્યાં સહકારી મંડળીઓમાં દલિતો પ્રત્યે ભેદભાવ રખાય છે. ૧૫ ગામો એવાં છે કે દલિતોને પાણીની જાહેર વ્યવસ્થા હોય તો ત્યાંથી પાણી ભરવા દેવાતું નથી. અથવા તેમનાં કૂવા કે નળ અલગ રાખવામાં આવે છે. ૨૦ ગામો એવા છે કે જેમાં ગામના ગરબામાં દલિતોને સામેલ થવા દેવાતા નથી. દલિતોને અલગ ગરબા કરવાના રહે છે.

૨. ૬૧ ગામો એવાં છે કે જ્યાં દલિતોનાં અલગ મંદિરો છે અથવા મંદિરોમાં દલિતોને પ્રવેશવા દેવાતા નથી કે પછી સવર્ણોની હાજરીમાં દલિતોને પ્રવેશવા દેવાતા નથી.

૩. ૧૩ ગામો એવા છે કે શાળામાં દલિત બાળકો માટે અલગ પાણીની વ્યવસ્થા છે અથવા તો તે વ્યવસ્થાનો ઉપયોગ કરવા દેવાતો નથી. વળી, દલિત બાળકોને શાળાના વર્ગખંડમાં અલગ બેસાડાય છે. અથવા દૂર બેસાડાય છે. શિક્ષકો પણ આ વલણ ધરાવે છે. છ ગામોમાં બાલમંદિરોમાં પણ દલિત બાળકો પ્રત્યે ભેદભાવ આચરવામાં આવે છે.

૪. આઠ ગામોમાં ચાની લારીએ અસ્પૃશ્યતા દેખાય છે. ત્યાં દલિતો માટે કપ-રકાબી અલગ રાખવામાં આવે છે અથવા તો દલિતોને માત્ર રકાબી અપાય છે પણ કપ આપવામાં આવતા નથી. ચાની લારીએ રખાયેલી પાટલી ઉપર પણ દલિતો બેસી શકતા નથી.

વડોદરાની 'નવસર્જન' સંસ્થાના સ્વયંસેવકો દ્વારા ગુજરાતના ૪૭૩ ગામોની પદયાત્રા કરવામાં આવેલ. તેમના જણાવ્યા અનુસાર ''સ્વયંસેવકોને આ ગામોમાંથી ફક્ત બે જ ગામમાં દલિતો પ્રત્યે આદર અને પ્રેમભાવ જોવા મળ્યો હતો જ્યાં તેમને ગામના કૂવા પરથી પાણી ભરવા દેવામાં આવતું હતું અને બેરોકટોક ગામના મંદિરમાં પ્રવેશ અપાતો હતો. બાકીના બધા જ ગામોમાં તેમના પ્રત્યે ભેદભાવ અને તિરસ્કારની ભાવના જોવા મળતી હતી...''[૪૧] ગુજરાતની જેમ સમગ્ર ભારતમાં અસ્પૃશ્યતા કોઈને કોઈ રૂપે પ્રવર્તમાન છે. ડૉ.હેમલત્તા શ્રીવાસ્તવ દક્ષિણ ભારતના દલિતોની સ્થિતિ વિશે જણાવતા નોંધે છે કે : 'दक्षिण भारत के कुछ समाजो में तो हरिजन की छाया तक वर्जित थी, उनके लिए मात्र दोपहर में सफाई का काम करने की छूट थी। क्योंकि सुबह तथा शामको व्यक्ति की परछाई लंबी होती हे जबकि दोपहर में सबसे छोटी । अतः कार्य करते हुए हरिजन की छाया से दूर रहने के लिए हरिजनो के कार्य समय के दौरान उच्च जाति के लोग अपने घरोकी खिडकिया तथा दरवाजा बन्द कर लेते है ।'[૪૨]

માથે મેલું ઊંચકવાની પ્રથા અને સૂકાં જાજરૂના બાંધકામ પર પ્રતિબંધ ફરમાવતો કાયદો ૨૮મી જૂન, ૧૯૯૭ના રોજ જાહેર થયો છે છતાં આજે પણ ઘણા ગામડાઓમાં આ પ્રથા નાબૂદ થઈ નથી. નવસર્જન સંસ્થાનું એક સર્વેક્ષણ દ્રપાસીએ : ''ચાંચકા (તા.ચુડા, જિ.સુરેન્દ્રનગર)ના મરઘાબહેન બારૈયા ગ્રામ પંચાયતના કર્મચારી નથી પણ વારસાગત રીતે ચાલ્યું આવતું માથે મેલું ઉપાડવાનું કામ તેમને દરબારોનાં ઘરમાં કરવું પડે છે. દરબારોનાં ત્રણ પરિવારોનાં વાડાજાજરૂ મરઘાબહેન સાફ કરે છે. હેમભા ઝાલાના પરિવારમાં ચાર કુટુંબીજનો વાડા જાજરૂનો ઉપયોગ કરે છે. તેની સફાઈ બદલ મરઘાબહેનને મહિને રૂા.૨૫ મળે છે. બીજા બે પરિવારો તરફથી સફાઈ બદલ મળતું મહેનતાણું મહિને રૂા.૨૦.... વાડા જાજરૂ ઉપરાંત ત્રણે પરિવારોના ઘરમાં આવેલા પાણી વગરનાં સૂકા સંડાસમાંથી માનવમળ તગારામાં ભરીને માથે ઉપાડીને લઈ જવાનું કામ પણ મરઘાબહેન કરે છે.''[૪૩]

---

૪૧. સંદેશ સમાચાર, તા.૦૨-૦૩-૨૦૦૪, પૃ.૬

૪૨. भारतीय समाज की संरचना, डॉ.हेमलत्ता श्रीवास्तव, पृ.२३७

૪૩. દલિતશક્તિ,ઉર્વશી કોઠારી-લેખ-હકીકત, મે.૨૦૦૫, પૃ.૯

આમ, આ સર્વેક્ષણો જોતાં એવું કહી શકાય કે ભારતના બંધારણમાં અસ્પૃશ્યતા નિવારણ માટે કાયદાઓ બનાવવામાં આવ્યા છે પરંતુ તેનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થતું જોઈ શકાય છે. ભારતના રાષ્ટ્રપતિ ડૉ.કે.આર.નારાયણ ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૦ પ્રજાસત્તાક દિનની સુવર્ણ જયંતીની પૂર્વસંધ્યાએ જણાવે છે કે: ''અસ્પૃશ્યતા કાયદા થકી નાબૂદ થઈ ગઈ છે પરંતુ જ્ઞાતિપ્રથા દ્વારા પોષવામાં આવતા દઢ વર્તનમાં તેની છાયાઓ હજુ છે.''[૪૪] શરમજનક બાબત એ છે કે, સવર્ણો અને દલિતો વચ્ચે છે તેવા ભેદભાવ દલિતોમાં પણ અંદરોઅંદર છે ! દા.ત. 'નાયાડી' બિચારો જેટલો બ્રાહ્મણની દૃષ્ટિએ તેટલો જ એઝવાની દૃષ્ટિએ અસ્પૃશ્ય છે !!

આમ, છતાં આજે દલિતો અને સવર્ણોના પરંપરાગત સંબંધમાં ઘણા બદલાવ આવ્યા છે. પરંપરાગત રીતે દલિતોને નિમ્નકક્ષાના ધંધાઓ ફાળવવામાં આવ્યા હતા તેને બદલે કેટલાંક દલિતો હવે મોભાદાર ને મનગમતા વ્યવસાયો કરી શકે છે. શિક્ષણનો લાભ મળતા ઘણા દલિતોએ ઉચ્ચ હોદ્દાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. સરપંચથી રાષ્ટ્રપતિ સુધીના પ્રતિષ્ઠિત સ્થાનો પ્રાપ્ત કરી શક્યા છે. શિક્ષણ, શહેરીકરણ, ઉદ્યોગીકરણ, વ્યવસાયોનું વૈવિધ્યકરણ વગેરેને કારણે પ્રત્યક્ષ વ્યવહારમાં અસ્પૃશ્યતા ઓછી થઈ હોય એવું જણાય છે. આઝાદી પહેલા જોવા મળતી દેખીતી અસ્પૃશ્યતા આજે પ્રમાણમાં ઓછી જોવા મળે છે. હોટલ, બાગ-બગીચા જેવા જાહેર સ્થળોએ આજે પહેલાં જેવું વાતાવરણ જોવા મળતું નથી. અસ્પૃશ્યતાનો વ્યવહાર સ્પર્શાસ્પર્શથી જરૂર ઓછો થઈ રહ્યો છે છતાં પણ એટલું તો ચોક્કસ કહી શકાય કે આજે પણ માનસિક સ્તરે અસ્પૃશ્યતા પ્રવર્તમાન છે. આરંભકાળમાં ભેદભાવ માત્ર રંગના સ્તરે હતો તે ધીમે-ધીમે ગુણ-કર્મ પછી જન્મ જાતિથી માંડીને માનસિક સ્તર સુધી પહોંચ્યો છે.

## ૧.૩ : સંતો અને સુધારકોનું પ્રદાન

મધ્યકાળમાં ચારે તરફ સામાજિક અસમાનતા ફેલાયેલી હતી. દલિતવર્ગનું નિરંકુશ શોષણ શોષક વર્ગ કરી રહ્યો હતો. તેમને માનવીય અધિકારોથી વંચિત કરી દેવામાં આવ્યા હતા પણ સદ્ભાગ્યે આ કાળમાં સવર્ણ વર્ગ દ્વારા થતાં અમાનવીય વ્યવહારો, અત્યાચારોને રોકવા માટે સમયે-સમયે જુદા-જુદા સંતો, સમાજસુધારકો આવ્યા અને તેમણે વિરોધનો સૂર પ્રગટ કર્યો. બસવેશ્વર, કબીર, રૈદાસ, દાદુ, સુન્દરદાસ, દરિયા સાહબ, તુલસીદાસ, રજ્જબ, પલટુ સાહબ, સંત ગુલામ, સંત નામદેવ, ગુરુનાનક, નરસિંહ મહેતા, અખો વગેરેએ ધર્મમાં રહીને પોતાના સશક્ત વ્યક્તિત્વ અને લેખનકાર્ય દ્વારા ઊંચનીચનો અને સામાજિક વિષમતાનો વિરોધ કર્યો. આ સંતોએ મુખ્યત્વે તો પોતાની વાણી દ્વારા માનવસમાનતાની વાત ક્યાંક વિનમ્રતાથી અને ક્યાંક આક્રોશથી રજૂ કરી. સમાજમાં માત્ર એક જ જાતિ છે અને તે મનુષ્ય જાતિ છે નો નારો લગાવીને માનવતાનું મૂલ્ય આંક્યું. તેમણે મનુષ્યની ઓળખ જાતિને આધારે નહીં પણ તેના કર્મ અને ગુણથી કરવી એમ જાહેર કર્યું. એમના જીવન-વર્તન દ્વારા આ વાત સિદ્ધ કરી બતાવી.

૪૪. દલિતશક્તિ, જૂન, ૨૦૦૫, કવરપેજ

હાલના કર્ણાટકના બીજાપુર જિલ્લામાં ઉચ્ચ બ્રાહ્મણ કુટુંબમાં ઈ.સ. ૧૧૩૧ની આસપાસ બસવેશ્વરનો જન્મ થયો. એચ.થિપ્પેરુદ્રસ્વામી જણાવે છે કે, સમગ્ર માનવજાતની સમાનતાના ઉપનિષદપ્રબોધ્યા તત્ત્વજ્ઞાનની તે સમયના હિંદુ ધર્મમાં હાંસી ઊડતી તેમણે જોઈ કારણ કે તે સમયે ચાતુવર્ણ ઉપરાંત એકબીજા પર ઉચ્ચતા આરોપતી સેંકડો જ્ઞાતિ-જાતિઓના વાડાઓ હતા. તદુપરાંત મનુષ્યને અપમાનજનક સ્થિતિમાં મૂકતી, સમાજના કલંકરૂપ અસ્પૃશ્યતા પણ તે સમયે જડબેસલાક હતી. ચાતુવર્ણના ઓઠા હેઠળ સ્વાર્થી શોષણખોરી કરતી વ્યવસ્થાનો તેમણે ઉગ્રતાથી વિરોધ કર્યો. એમણે તર્કશુધ્ધ ધર્મને ઉજાગર કર્યો. નીચેનું પદ તેમનો આ તર્ક સમજાવે છે.

''ઢોરની કતલ કરે છે તે શૂદ્ર
સડેલું માંસ ખાય તે હલકી જાતિનો
આ વળી જાતિ કેવી ? અહીંની કે ત્યાંની ?
સઘળી જીવનસૃષ્ટિને ચાહતા
કુડાલસંગમના શરણ થયા
કે જાતિ લુપ્ત''[૪૫]

આમ, બસવેશ્વર સમજાવે છે કે મનુષ્યને એના જન્મથી નહીં પણ એના વિચાર, વર્તન અને ચરિત્રથી ઓળખવો જોઈએ. તેમણે વર્ગ અને વર્ણની દીવાલો તોડવાનું કામ કર્યું. માનવજાત માત્ર બે જ વર્ગોમાં વહેંચાયેલી છે. ભકત અને અભકત. આ વાત સમજાવવા તેમણે અનેક સંતો-ઋષિઓના દાખલા આપ્યાં અને કહ્યું કે મનુષ્યનું વિત્ત એની જ્ઞાતિના આધારે પારખી શકાય નહીં. તે કહે છે કે -

'' વ્યાસ માછીમારના પુત્ર છે,
માર્કંડેય નિમ્નને ઘેર જન્મ્યા,
દેડકાની દીકરી મંદોદરી,
અરે જ્ઞાતિને જોશો નહીં, જ્ઞાતિમાં શું છે ?
પૂર્વજન્મમાં તમે કોણ હતા ?
ખરે જ, અગસ્ત્ય હતા પારધી,
દુર્વાસા હતા મોચી,
કશ્યપ લુહાર
ત્રિભુવનમાં સહુને ખબર છે,
કૌંડિન્ય ઋષિ હતા વાળંદ
માટે હે મુમુક્ષુઓ, યાદ રાખો
કુડાલસંગમની વાણી,
હલકી વરણમાં જન્મ્યા તેથી શું ?
શિવભકત જન્મ્યા કે બેડો પાર.'' [૪૬]

૪૫. બસવેશ્વર, એચ. થિપ્પેરુદ્રસ્વામી, અનુવાદ, બિપિન પટેલ, ગુજરાતી સાહિત્ય પરિષદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૩, પૃ.૨૦
૪૬. એજન,પૃ.૨૦

આમ, બસવેશ્વરે હિન્દુ સમાજનાં વર્ણપ્રથાને તોડી નાખી. તેમણે જાતિ, જ્ઞાતિના વાડાને ગણકાર્યા વગર ધર્મના દરવાજા બધાં માટે ખુલ્લા મૂકી દીધા. માણસના કર્મ–ધંધાથી એનું હીર માપવાના પ્રવર્તમાન સામાજિક વલણનો તેમણે સખત વિરોધ કર્યો. તેમણે કહ્યું કે, વ્યવસાયથી કોઈ નિમ્ન કે ઉત્તમ નથી થઈ જતું, મનુષ્યની પ્રામાણિકતા અને નિષ્ઠાનું જ તેના જીવનમાં મૂલ્ય છે, જેને તે 'કાયક' તરીકે ઓળખાવે છે. ટૂંકમાં તેઓ કોઈ પણ વ્યક્તિનું મૂલ્ય તેના જન્મથી નહીં પણ કર્મથી પ્રમાણતા હતા. તે કહે છે કે –

'' શું હું સીરીયાલાને વેપાર ગણીશ,
ને મકાય્યાને ધોબી ?
કાકૈય્યાને ચમાર ને, ચેન્નય્યાને મોચી ?
મને ગણીશ હું બ્રાહ્મણ,
મજાક મારી કરશે નહીં પ્રભુ કુડાલસંગમ ?'' [૪૭]

લગ્ન, ભોજન અને રોજબરોજના વ્યવહારોમાં વર્ણભેદનો તેમણે વિરોધ કર્યો. તેમણે પોતાના સમાજના વિરોધ છતાં પણ મધુવારસ નામના બ્રાહ્મણની કન્યા સાથે હરલૈયા નામના અછૂતના પુત્રના લગ્ન કરાવ્યા. તેમણે કન્નૈયા અને કકૈયા જેવા અછૂત જ્ઞાતિના લોકો સાથે એકરૂપતા સાધી હતી. આમ, બસવેશ્વરે વર્ણવ્યવસ્થાના મૂળમાં ઘા કરી અછૂતોને સામાજિક અને ધાર્મિક સમાનતા આપી. તેમણે સ્ત્રી અને પુરુષ વચ્ચેના ભેદને પણ નાબૂદ કરવાના પ્રયત્નો કર્યા હતા.

કબીરે પણ સદીઓથી ચાલી આવતી જાતિ પ્રથા અને ઊંચનીચની ભાવના વિરુધ્ધ વિદ્રોહનો સૂર પ્રગટ કર્યો. બસવેશ્વરની જેમ કબીરે પણ જન્મ પર આધારિત ભેદભાવ પર માત્ર પ્રહાર જ નથી કર્યો પણ એ સ્થાપિત કરવાનો સંઘર્ષ પણ કર્યો છે કે બધી જ જાતિઓના લોકો એક જ રીતે ઉત્પન્ન થાય છે તો ભેદભાવ શા માટે ? તે કહે છે :

'' गर्भ बास महि कुल नहि जाती।
बहम बिंद ते सब उतपाती ।।
जौ तू ब्राह्मण ब्राह्मणी जाया।
तौ आन बाट काहे नहि आया।
तुम कत ब्राह्मण हम कत शूद्र ।
हम कत लोहू तुम कत दूध ।।
कहु कबीर जो ब्रहम बिचारै।
सो ब्राह्मण कहियत है हमारे ।। '' [४८]

૪૭. એજન, પૃ.૨૧
૪૮. कबीर ग्रंथावली, संपादक, श्यामसुंदर दास, पृ.137

કબીર ભક્તિના પ્રેક્ષ્યમાં બધીજ જાતિઓ અને ઉપજાતિઓને સમાન માને છે અને મનુષ્યની જાતિ, જ્ઞાતિને બદલે ગુણવત્તા પર વિશેષ ભાર આપે છે, જુઓ :

" जाति न पूछिये साधु की, पूछ लीजिए ज्ञान ।
मोल करो तलवार का, पडा रहने दो म्यान ॥"[૪૯]

કબીર હિન્દુ, દલિત જ નહીં પણ મુસ્લિમોને પણ કહે છે કે ઈશ્વર, અલ્લાહ આપણને અલગ ઈચ્છતા હોત તો એમણે જ દેહને અલગ-અલગ ઓળખ આપી હોત.

"तु तुरक तुरकी जायो
पेट में ही सुन्नत क्यो न करायो ?"[૫૦]

કબીરની આ સાખીઓ 'પુરુષસૂક્ત'ના પડકારરૂપે લખાઈ છે. જે પુરુષસૂક્તમાં બ્રહ્માના મુખમાંથી બ્રાહ્મણોને, છાતીમાંથી ક્ષત્રિયોને, હાથમાંથી વૈશ્યોને અને પગમાંથી શૂદ્રોને નિપજ્યાનો ઉલ્લેખ મળે છે.

આવા વિરાટપુરુષના ભિન્ન-ભિન્ન અંગોમાંથી ભિન્ન-ભિન્ન વર્ણો જન્મ્યાનો વેદ કવિએ જે કલ્પનાપ્રચુર દાવો કર્યો છે એને ઉપરની સાખીઓ દ્વારા કબીરે દાર્શનિક રીતે સદૃષ્ટાંત પડકાર્યા છે ? જો જુદા-જુદા અંગોમાંથી જુદા-જુદા વર્ણો પેદા થયા હોત તો તે દેખાવે ભિન્ન-ભિન્ન કેમ નથી? તેથી કબીર પ્રાચીન વિરાટપુરુષના આ કલ્પનને પડકારે છે અને ઐક્યની તેમજ વર્ણાશ્રમ વિરોધની વાત આક્રોશપૂર્વક અને કળાત્મક રીતે મૂકી આપે છે. આચાર્ય રામચંદ્ર શુક્લ કબીરના કાર્યને બિરદાવતા જણાવે છે કે, "નિર્ગુણ ધારાના સંત કવિઓમાં સૌથી મહત્ત્વપૂર્ણ સ્થાન કબીરનું છે. જે હંમેશા પછાતવર્ગના હિમાયતી રહ્યા છે, સમાજની કુરીતિઓ, કુરુઢિઓ સામે લડતા રહ્યા છે, જાતિપ્રથા, છૂત-અછૂતના ભેદભાવનો વિરોધ કરતા રહ્યા છે. "[૫૧]

સંત રૈદાસ કબીરના સમકાલીન હતા. તે ચમાર જાતિના હતા. તેમના એવા ઘણા પદો મળે છે જેમાં તેણે પોતાને ચમાર કહ્યા છે. જેમ કે,

"कह रैदास खलास चमारा ।
एसी मेरी जाति विख्यात चमारा ॥"[૫૨]

આમ, જાતિવાદના ઝેરીલા વાતાવરણમાં આત્માભિમાનની સાથે રૈદાસ પોતાને 'ચમાર' કહેતા જરા પણ સંકોચ અનુભવતા નહોતા. તેઓની માન્યતા હતી કે જ્યાં સુધી આ દેશમાં જાતિપ્રથા નાબૂદ નહીં થાય ત્યાં સુધી કોઈ પણ પ્રકારનો સુધારો લાવવો મુશ્કેલ છે. તેમના મતે તો જાતિપ્રથા વ્યક્તિ-વ્યક્તિને જોડતી નથી પણ તોડે છે. આથી તેને 'રોગ' માને છે.

૪૯. कबीर एक पुन मूल्यांकन, संपादक : बलदेव वंशी, आधार प्रकाशन, प्रथम संस्करण,2006, पृ.95
૫૦. कबीर ग्रंथावली, संपादक, श्यामसुंदर दास, पृ.149
૫૧. हिन्दी साहित्य का इतिहास, आचार्य रामचंद्र शुक्ल,पृ. 72
૫૨. એજન, પૃ.૭૯

" जात–पात के फेर महिं, उरझि रहइ सब लोग।

मानुषता को खाल है, रैदास जात कर रोग॥" [५३]

સંત રૈદાસ પણ બસવેશ્વર અને કબીરની જેમ કોઈ પણ વ્યક્તિને જન્મને કારણે ઊંચનીચ માનતા ન હતા પણ તેના કર્મના આધારે તેની શ્રેષ્ઠતા નક્કી કરતા હતા. તેઓ માનતા હતા કે દરેક વ્યક્તિના આત્મામાં પરમાત્માનો અંશ રહેલો છે તો પછી કયા આધારે બ્રાહ્મણને શ્રેષ્ઠ અને શૂદ્રને નિમ્ન માનવા ? તેમણે સમાજને સમજાવતા કહ્યું કે ,

"एक माटी के सभै भांडे सभ का एकै सिरजन हारा।

'रैदास' व्यापै एकौ धट भीतर सभ कौ एकै घडे कुम्हारा॥

'रैदास' एकै बह्म का होई रह्यो सगल पसार।

एकै माटी सब धट सजै, एकै सभ कूं सरजनहारा॥ "[५४]

તેઓ કોઈ પણ પ્રકારના ભેદભાવ વગરના સમાજવ્યવસ્થાના આગ્રહી હતા. તેમની માન્યતા હતી કે, " मन चंगा तो कठौती में गंगा " તેમના મતે મનની શુધ્ધતા જ મહત્ત્વની છે. ટૂંકમાં રૈદાસે વર્ણવ્યવસ્થાગ્રસ્ત સમાજનો વિરોધ કર્યો અને હિન્દુ સમાજની વર્ણાશ્રમ વ્યવસ્થાને તાર સ્વરે ફગાવી દીધી. ડો. નરેન્દ્રસિંહ તેમના કાર્યોની પ્રશંસા કરતા લખે છે કે , " संत रैदासने सशक्त व्यक्तित्व और कृतित्व से तत्कालीन दलितवर्ग में नवीन चेतना जाग्रत कर उनकी हीन भावना दूर की। दलितवर्ग पर हो रहे अत्याचारो, शोषण और तिरस्कार का विरोध कर मिथ्याडंबरो और कुरीतियो को निराधार कर दिया और दलितवर्ग को समानता – भातृत्व के धरातल पर खडा कर समान ईश्वर – भक्ति के अधिकारो के प्रति उनमे जागृति उत्पन्न की।" [५५]

'दादू सम कवि देखिये कुंजर कीट समान' કહેતા દાદુ ભેદભાવ વિહીન સમાજવ્યવસ્થાની ઝંખના સેવતા હતા. પ્રવર્તમાન સામાજિક વર્ણવ્યવસ્થાનો અસ્વીકાર કરતા કહે છે :

"नीचउँच मधिम को ना हीं देषौ राम सबनि कै मांही।

दादू साच सवनि में सोई पेड पकड़ि जन नृभै होइ॥ " [५६]

સુન્દરદાસ પણ મનુવાદી વર્ણવ્યવસ્થાના વિરોધી હતા. તેઓ કહે છે કે :

" ब्राह्मण क्षत्रिय वैश्य हूं शूद्र, मलेछ चंडाल पार लंधावै।

'सुंदर' बार कछु नहीं लागति या नर देह अभै पद पावै॥ " [५७]

દરિયા સાહબ નાત-જાતમાં માનનારાઓને પાપના ભાગીદાર માને છે. :

"सतगुरु जाति पांति नहि दीजै।

जाति खोजै तोह पातक दीजै॥ " [५८]

---

५३. अपेक्षा, संपादक: तेजसिंह, अप्रैल – जून, 2003, पृ. 13

૫૪. એજન, પૃ.૧૯

५५. दलितो के रुपान्तरण की प्रक्रिया, नरेन्द्रसिंह, पृ.106

५६. धूमकेतु, संपादक, विमल वर्मा, 2001, पृ.313

૫૭. એજન, પૃ.૩૧૩

૫૮. એજન, પૃ.૩૧૪

તુલસીદાસ પણ સામાજિક સમાનતાના પક્ષધર હતા. તેમના મતે :

''जनम नीच कहीए नहीं, जो क्रम उत्तम होई।
तुरसी नीच करम करे, नीच कहावै साई ॥ '' [૫૯]

આ ઉપરાંત પલટુસાહેબ, સંત કવિ રજ્જબ, સંત ગુલાલ, સંત નામદેવ, ગુરુનાનક વગેરે વર્ણવ્યવસ્થાના વિરોધી હતા. તો ગુજરાતના આદિકવિ નરસિંહ મહેતાએ નાગરી નાતનો ખોફ વહોરી લઈને નાત-જાતના ભેદો તોડીને અછૂત ગણાતી જાતિઓના વાસમાં ભજન-કીર્તન કરવા જાય છે. આ કોઈ સામાન્ય ઘટના નહોતી. નરસિંહ મહેતા કહે છે કે,

''હરિજનથી જે અંતર ગણશે, તેના ફેરા ફોગટ ઠાલા રે...''

અહીં કવિ નરસિંહ મહેતાની અછૂતો પ્રત્યેની કરૂણા અને સહાનુભૂતિનો વિરલ ઉદ્‌ગાર છે. અછૂત લોકોમાં ચેતના જગાડવાનું પ્રશંસનીય કાર્ય તેમણે કર્યું છે.

પ્રેમલક્ષણાભક્તિ પરંપરાની કવયિત્રી મીરાંબાઈ સંતશિરોમણિ રોહિદાસને ચરણે બેસી ગુરુબોધ મેળવે છે. અખો મધ્યકાળનો તત્વજ્ઞાની કવિ છે. તેમણે સામાજિક અસમાનતા, ધર્માંધતા, કુરુઢિઓ, આડંબર વગેરે પર જનોઈવેધક વાણીમાં પ્રહાર કર્યો છે. તે કહે છે :

''ઊંચ ખરારે ઉચમ્ જાણ, નીચ તેનો હે નીચ નિર્માણ.
ઊંચમાં રામ બમણો નથી ભર્યો અને નીચ પિંડ ઠાલો નથી કર્યો. '' [૬૦]

આમ, જે શ્રેષ્ઠ કહેવામાં આવે છે તે શ્રેષ્ઠ નથી અને જે નીચ કહેવામાં આવે છે તે ખરેખર નીચ નથી. ઉચ્ચ-શ્રેષ્ઠમાં રામ બેગણો નથી ભરેલો અને કોઈ નીચ પીંડ રામથી ખાલી નથી હોતો. આગળ અખો તાર્કિક વાત કરતા જણાવે છે કે,:

''શબરી સંસ્કૃત શું ભણી હતી ભાઈ ?
કયા વેદ વાંચ્યા કરમા બાઈ ?
વ્યાધસે શું ભણ્યો હતો નેંવ ?
ગણિકા શું સમજતી ભેદ ?'' [૬૧]

અખાએ છોત્ય અંગમાં અસ્પૃશ્યતા વિશેના ૯, ૧૦ અને ૧૧ માં છપ્પાઓમાં કલંકિત કુપ્રથાનું મૂલ્યાંકન કરતા જાતિવાદી માનસિકતા પર પ્રહાર કરતા કહ્યું છે -

''આભડછેટ અંત્યજ ઘેર જણી, બ્રાહ્મણ, વૈષ્ણવ કીધા ધણી.
બારે કાલ ભોગને એ બેહે, સહુને ઘેર આવી ગઈ રેહે.
આખા હરિજાષો જડ જાય, નહિ તો મનસા વાચા પેસી રેહે કાય.''[૬૨]

---

૫૯. એજન, પૃ.૩૧૪
૬૦. અખાના છપ્પા, પૃ.૪૯
૬૧. એજન, પૃ.૫૧
૬૨. એજન, પૃ.૧૭

મધ્યકાળના ભક્તિઆંદોલને જાતિવ્યવસ્થાને સમર્થન આપ્યું નથી અને ઈશ્વર, ભક્તિના આધારે બધી જાતિઓને સમાન ગણે છે. ટૂંકમાં મધ્યકાળના સંત કવિઓએ અછૂત લોકો માટે ભક્તિ અને અધ્યાત્મના દ્વાર જે પહેલા બંધ હતા તે ખોલી અપાવ્યા. ડો.ગિરીશકુમાર એન.રોહિત એમના શોધનિબંધમાં મધ્યકાળના સંત કવિઓના કાર્યને બિરદાવતા નોંધે છે કે, '' मध्यकालीन भारत में अधिकतर दलित जातियां अछूतो के रूप में समाज में विधमान थी। उनका जीवन अनेक प्रकार के अत्याचारो के बीच गुजर रहा था । लेकिन मध्यकाल में होनेवाले भक्ति आंदोलनने पहेली बार समाज में सुधार परिष्कार का काफी काम किया । संतो और समाज सुधारकोंने उद्धार की भावना से भक्ति और अध्यात्म के द्वारा समाज के समस्त वर्ण के लोग के लिए द्वार खोल दिये । पहलीबार दलित समाज के लिए ईश्वर, भक्ति, अध्यात्म की विशद जानकारी प्राप्त हुई ।''[६३]

આમ, ભક્તિ આંદોલનને કારણે થોડીઘણી સામાજિક જાગૃતિ આવી ખરી પરંતુ એકે એક કુટુંબમાં દરેક વ્યક્તિના ચિત્તમાં ઘર કરી ગયેલો આભડછેટનો રોગ દૂર થઈ શક્યો નહિ. આટલા વર્ષો પછી આજે પણ એમ કહી શકાય એવી સ્થિતિ નથી કે આ રોગમાંથી માનવ સમાજને મુક્તિ મળી છે.

## ૧.૪ : શૂદ્રો વિશેનાં બદલાતાં જતાં પરિમાણો

'શૂદ્ર' એક સામાજિક વર્ગ વિશેષની ઓળખ બની ગઈ હતી. અતિ પ્રાચીનકાળમાં જ્ઞાતિબંધનો ન હોવાથી શૂદ્ર કે અન્ય વર્ગો હતા નહીં પરંતુ અગાઉ નોંધ્યુ છે તેમ જ સમાજ જીવનમાં વિવિધ કાર્ય વિભાજન સ્પષ્ટ બનતાં જ્ઞાતિઓ ઉદ્દભવી અને જેના કારણે મેલું ઉઠાવનાર કે સફાઈ કામ કરનાર વર્ગને ભારતીય પ્રદેશમાં શૂદ્ર કહીને નિમ્ન કહેવામાં આવ્યો.

આમ તો બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય સિવાયની જાતિઓ કે જે મુખ્યત્વે કારીગરી કરતી હતી તે તમામ જાતિઓ જેવી કે કણબી (પટેલ), લુહાર, સુથાર, મોચી વગેરેનો સમાવેશ શૂદ્રોમાં થાય છે પણ તેનો અનુસૂચિત જાતિમાં સમાવેશ થતો નથી. ચમાર, વણકર, સેનમા, ગરોડા બ્રાહ્મણ, ભંગી વગેરે જાતિઓનો અનુસૂચિત જાતિઓમાં સમાવેશ થાય છે. આ જાતિઓ પૈકી વણકર જાતિનો ભારતનાં અન્ય રાજ્યોમાં અનુસૂચિત જાતિમાં સમાવેશ નથી, ફક્ત ગુજરાતના જ વણકરો અનુસૂચિત જાતિમાં આવે છે. આ બધી જાતિઓ અસ્પૃશ્ય ગણાય છે એટલે કે, 'અતિશૂદ્રો'માં એમની ગણતરી થાય છે. પહેલાંના જમાનામાં આ બધી જાતિઓના લોકો અવર્ણ એટલે કે ગામ છેવાડે રહેતા 'પંચમવર્ણ' જાતિના ગણાતા હતા. હિન્દુ સમાજ વ્યવસ્થામાં તેમને સ્થાન નહોતું. ગુલામોથી પણ બદતર સ્થિતિ હતી. તેઓ પાસેથી ચાકર તરીકેનું કામ લેવામાં આવતું હતું. એટલે કે, હિન્દુ સમાજવ્યવસ્થા – ચાતુર્વર્ણ્ય વ્યવસ્થામાં તેમની ગણતરી થતી નહોતી. તેમ છતાં આ વર્ગે અભાવો વચ્ચે પણ સિધ્ધિઓ પ્રાપ્ત કરી છે તેની અલપઝલપ ઝાંખી પ્રાચીન ઐતિહાસિક કૃતિઓ તેમજ સર્જનાત્મક કૃતિઓમાં જોવા મળે છે.

મધ્યકાળમાં સંતોની યજ્ઞ અને કર્મકાંડ સામેની દૃષ્ટિને કારણે, ક્રિયાકાંડની કે જ્ઞાનની સામે ભક્તિ મૂકવાને કારણે અને આત્મા એ જ પરમાત્મા એ દૃષ્ટિબિંદુનો જીવનશૈલીરૂપે એમણે વ્યાપક

૬૩. दलित चेतना केन्द्रित हिन्दी –गुजराती उपन्यास, डो. गिरीश कुमार एन. रोहित, गुजरात दलित साहित्य अकादमी, अमदावाद, प्रथम संस्करण, 2004, પૃ.77

સ્વીકાર કર્યો હોવાને કારણે એમના સાહિત્યમાં અપવાદોને બાદ કરતાં અતિશૂદ્રો અંગેના દષ્ટિબિંદુ ઉદારમતવાદી છે. એમણે પ્રત્યેકને જ મનુષ્ય લેખ્યો છે પરંતુ આ સંતોની સામે બ્રાહ્મણવાદે પોતાની પ્રભાવક પકડ રાખી હોવાના કારણે સંતોના આશ્રમમાં કે એમના વ્યવહારોમાં ભલે શૂદ્રો પ્રત્યેનો અભિગમ ઉદારમતવાદી રહ્યો પરંતુ સમાજમાં શિક્ષણના વ્યાપક અભાવના કારણે શૂદ્ર વર્ણમાં જન્મવું એ ન કેવળ સવર્ણો પણ શૂદ્રો સુધ્ધા ઈશ્વરી સજા લેખતા હતા.

મધ્યકાળના સંતોની ઉદારમતવાદી વિચારસરણીને અર્વાચીન સમયમાં માનવતાવાદી શિક્ષણની અનુગામી પરંપરા મળતાં જન્મ એ અકસ્માત છે તે સ્વીકારાયું, વર્ગ વ્યવસ્થા મનુષ્ય સર્જિત છે તે સ્વીકારાયું, કંઈ કેટલાય દલિત-બિનદલિત સુધારકોના કારણે અસ્પૃશ્યતાને હિન્દુધર્મનું કલંક સુધ્ધા ગણવામાં આવ્યું. પ્રાચીનકાળથી સાંપ્રત સમય સુધીની આ વર્ગની સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક પરિસ્થિતિ તપાસીએ તો એમાં આમૂલ પરિવર્તન આવેલું નજરે ચઢે છે.

ગુજરાતમાં સર સયાજીરાવ ગાયકવાડને લીધે શિક્ષણ શરૂ થયું. અનુસૂચિત જાતિના લોકો ભણવા લાગ્યા કારણ કે શિક્ષણ ફરજિયાત હતું. ડો. બાબાસાહેબ આંબેડકર પહેલાં શાહુ મહારાજ અને પૂજ્ય મહાત્મા જ્યોતિબા ફુલેની આમૂલ પરિવર્તનની સામાજિક ચળવળોને લીધે જાગૃતિની મશાલ પ્રગટી. એમાં ડો.બાબાસાહેબ આંબેડકરની વિચારધારાએ ક્રાંતિ સર્જી. દલિતોમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું. દલિતો આર્થિક રીતે પગભર થવા લાગ્યા. જાગૃતિ વધી. કાચાં મકાનોમાંથી વ્યવસ્થિત પાકાં મકાનોમાં રહેવા લાગ્યા, રહેણીકરણી અને બોલચાલમાં નજરે ચઢે તેવા ફેરફાર આવવા લાગ્યા. ટૂંકમાં દલિતોના પક્ષે રહેણીકરણી, વાણીવર્તન, આર્થિક તેમજ શૈક્ષણિક ઉન્નતિ વગેરેમાં ઘણો ફરક પડયો.

ભારતના વડાપ્રધાન સ્વ.ઈન્દિરા ગાંધીના સમયમાં LIC, Banks અને અન્ય બોર્ડ-કોર્પોરેશનના રાષ્ટ્રીયકરણથી શિક્ષિત દલિતોના મોટા વર્ગને નોકરીઓ મળી. આ સમયમાં બેકાર દલિત શિક્ષિતવર્ગ આર્થિક રીતે પગભર વધુ બન્યો. આ ભણેલા-ગણેલા વર્ગની જાગૃતિથી દલિત સમાજમાં સ્વમાનના પ્રાણ ફૂંકાયા. શિક્ષણનો પણ ક્રમશઃ વ્યાપ વધ્યો. ઘણા દલિતો સુખચેનથી જીવવા લાગ્યા. બદલાતીજતી રાજકીય ગતિવિધિઓનો આમાં ઘણું મોટું યોગદાન રહ્યું છે. જો કે ભારતભરના દલિતોની સંખ્યા જોતાં પ્રમાણમાં ઘણાં ઓછા દલિતો સુખ-સંપત્તિ ને શિક્ષણના અધિકારી બન્યા છે.

સાંપ્રત સમય દલિતો માટે ખૂબ જ કપરો આવ્યો. LPG (Liberalisation, Privatisation, Globalisation) માં દલિતવર્ગને પાછી પછડાટ ખાવાનો વારો આવ્યો છે. થોડાક દલિતોની ઉન્નતિથી સમગ્ર સમાજને જોતાં નહિવત્ આર્થિક સધ્ધરતા આવી છે. પ્રાઈવેટમાં પણ અનામત હોવી જરૂરી છે કારણ કે, હિન્દુ બ્રાહ્મણો, સનાતનવાદીઓ, કર્મકાંડીઓની માનસિકતામાં લગીરેય ફેર પડયો નથી ! ભણેલા-ગણેલા આપણે પણ હંમેશા એવું કહેતા ફરીએ છીએ કે, ''દલિતોએ સુધરવું જોઈએ !!!'' સામાજિક દરજ્જામાં કેટલાક રૂઢિચુસ્તોના કારણે આજે પણ પરિવર્તન ઝિલવાની તૈયારી નથી તે આઘાતજનક છે.

આવડા મોટા લોકશાહી દેશમાં સતત દલિત અત્યાચારોની વાતો સમૂહમાધ્યમમાં આવ્યા જ કરે છે એ બતાવે છે દલિતોની આર્થિક, રાજકીય પરિસ્થિતિ સુધરી હોવા છતાં હજુ વ્યાપક સામાજિક સ્વીકૃતિ થવી બાકી છે.